વિઠ્ઠલનાથ' કો શ્રીગુસાંઈજી તેહુ પુરૂષોત્તમહે કયો. જો નિઃસાધન હૈનહિતકતહે યાહીતે આપકો વિઠ્ઠલ યહ નામ હે 'યહાં પુરૂષોત્તમશબ્દકો મધ્યમણિન્યાયસો સંબંધ હે 'શ્રીગોકુલમોમગરપધાર્યા ॥ શ્રી જો લક્ષ્મીજી તિનકરિકે યુક્ત જો ગોકુલ સો શ્રીગોકુલ કહિયે સોઈ શ્રીમદ્ભાગવતદશમસ્કંધમે ॥ હરેર્નિવાસાત્મગુણૈરમાષ્ઠીઃ મધુન્નૃપ ॥ શ્રયતઈદિરાશશ્વદત્રહિ ॥ ઇત્યાદિશ્લોકોકે નિરૂપણ કિયોહે ઐસો જો શ્રીગોકુલ તામે મગરપધાર્યા પ્રત્યક્ષ પધારે યોહો અભિપ્રાય યહ જો ॥ અપ્રત્યક્ષ તો સર્વદા શ્રીગોકુલમે બિરાજેહે ॥ સોઈ શ્રીમદ્ભાગવતદશમસ્કંધમે પ્રભુનકો આજ્ઞા કીનીહે ॥ ભવતીનાં વિયોગોમેનહિસર્વાત્મનાકવચિત્ ॥ ઓર શ્રીમદ્ભાગવતતત્વદીપમે દશમસ્કંધપુર્વાર્દ્ધ વિવરણમે ॥ અહિમુંખ-

---

૧ જબતે ભગવાન્ પ્રગટકયે તબહીતે વ્રજદેશ ભગવન્નિવાસ ઔર અપને ચુલ્ હેન હેતુનતે લક્ષ્મીજીકો ક્રીડાસ્થાન હોતભયો.

૨ યહાં વ્રજમે લક્ષ્મીજી સર્વદા રહત હે.

૩ વ્રજભક્તનકો સદેશા કહેપાયોહે જો તુમકો કોઈકાલમુંભી મેરો વિયોગ હુવોહુ નહી હે.

૪ અહિમુંખકરણમે ભગવાન્ કીધ્યાન નાહી તાતે દુઃખિત હોતહે

दशाय॑तुनपश्य॑तीतिदुःखिताः ॥ याऽकारिकाकेविषे॑ श्रीमहा-
प्रभुनने येही निरूपण कियो॑ है॑ औरे॑ ऋग्वेदके॑ विष्णु
सूक्तमें॑ हु॑ योंहीरीतको॑ निरूपण है॑ सो॑ विद्वन्मंडलमें॑
सिध्योहै॑ याहीतें॑ प्रगट॑ पधारया॑ यहु॑ कहयो॑ ॥ अप्म
प्रत्यक्ष पधानिकें॑ जे॑ कार्य॑ कियो॑ सो॑ निरूपण करत॑ है॑ ॥
स्वजनकीधांसनाथ॑ स्वजन॑ जे॑ दैवीजीव॑ तिनको॑ सनाथ
किये ॥ कृतकृत्य किये ॥ जेसे॑ स्वामी विदेशकु॑ जातहै॑ तब
परिजन सब॑ अनाथजेसे॑ होय॑ जातहै॑ फेर॑ स्वामी
आवृतहै॑ तब॑ सनाथ॑ होतहै॑ अथवा॑ नाथृधातुको॑ नाथ
यह॑ रूप है॑ सो॑ नाथृधातु॑ ऐश्वर्य॑ और॑ कृपितापे या
अर्थमें॑ प्रवृत्त होतहै॑ ॥ तातें॑ ऐश्वर्यवान्॑ और॑ ऊप-
तापे॑ जे॑ निजदर्शनथी॑ आर्ति॑ ताके॑ हाता॑ सो॑ नाथ॑ प्रभु
तातें॑ स्वजनको॑ युक्त॑ किये॑ प्रभुनको॑ सम्बंध॑ कराये॑ ॥
यतें॑ स्वजनश्रीधांसनाथे॑ ऐसे॑ कहयो॑ याको॑ भावार्थ॑ यहु
जो॑ जेसें॑ विवाहतें॑ प्रथम॑ कन्या॑ अनाथ॑ होत॑ है॑ फेर॑
पतिसंबंधसों॑ सनाथ॑ होत॑ है॑ तेसें॑ दैवीजीवनको॑ हु॑
आपनें॑ श्रीहरी॑ संबंधकरायके॑ सनाथ॑ किये यहु॑ अभि-

प्राय॰ यमुनाष्टकमी टीप्पणीछमें ॥ भगवानिरहं दृत्वा-वापवृद्धि करो तिहि ॥ तथैवयमुनास्वाभिस्मारणात्स्वीय दर्शनात् ॥ अस्मदाचार्यचर्यास्तु ब्रह्मसंबंधकारणात ॥ तापक्लेशप्रदानेनस्वीयानांभावबृंहकाः ॥ इति हेयं कारि-कानसुं श्रीहरिरायेछने निरूपण कियो हे और गद्यार्थ शिक्षापत्र "प्रभृतिनेमें याको स्फुट विवेचन कियो हे याहीते स्वजनश्रीधांसनाथः ॥ यह निरूपण गोपाल-दासछने क्रियो ॥ २४ ॥

॥ इतिश्रीगोपालदासजीकृतनवाख्यानेषु प्रथमाख्यानंसंपूर्णम् ॥

॥ शंका ॥ यह भानी तो श्रीविठ्ठलनाथछश्री हे और या आख्यानके आरंभमें-तो श्रीविठ्ठलनाथछकें वंदन कियो हे यह कैसे संभवे ॥ प्रत्युत्तर ॥ जेसें वेदभ गवतादिक हु भगवद्वाणी हे तथापि नारायणं नमस्कृत्य इत्यादि-स्थलकेविषें तथा वेदमें हु वंदन कियोहे तेसें इहां हु

उ भगवान् अपनो विरह देकें इछनकें। भाव बडावतहे तेसेही श्रीयमुनाछ अपने 'दर्शनते' प्रभुनकें। स्मरणं करायकें भाव बडावतहें और श्रीमहाप्रभुछतो प्रहास बंध करवायकें भगवद्दर्शनार्थं ताप क्लेश देके भाव बडावतहे.

કિયો હે ॥ વાદી કહતહે ॥ ઉહાં હુ મેરી યેહી શંકાહે ॥ પ્રત્યુત્તર ॥ યાકો કારણ યહ હે જો વેદાદિક પુરાણાદિક યદ્યપિ ભગવદ્વાણી હે તથોપિ બ્રહ્માજી વેદવ્યાસ ઇત્યો-દિકનકે મુખસોં ઇનકો આદુર્ભાવ ભયો તાસોં વંદનકો દોષ નાંહી ॥ કયોં જો કોઈ પદાર્થ હોતહે તાકો સ્વાભાવિક કાર્ય ઓર હોતહે ઓર પાત્રાંતર ભયેસું વાહી પદાર્થ સોં ઓર કાર્ય હોતહે તાસોં વહ પદાર્થ કછુ અન્યથા ન હોય તાકો દષ્ટાંત જેસેં સુર્યકે કિરણ અત્યંત ઉષ્ણ હે તથાપિ ચંદ્રમેં પડતહે તબ તાપ મિટાવતહે તાસોં સૂર્યકિરણ કછુ શીતલ નહીહે ॥ ઓર સૂર્યકિરણકે યોગ્યસું હી ચદ્રપ્રકાશ કરતહે યહ બાત જ્યોતિઃશાસ્ત્રમેં પ્રસિદ્ધ હે તેસેં યહ બાની તો શ્રીવિઠ્ઠલનાથજીકી હે તથાપ ગોપલદાસજીકે મુખદ્વારા પ્રકટ ભયી તાસોં વંદનકો દોષ નાંહી ॥ તેસેં વેદપુરાણાદિકમેં હુ વંદન કિયો તાકો યેહિ સમાધાન હે ॥ શકા ॥ તબ તુમનેં પ્રથમ ચિન્હ બતાયો જો શ્રીવિઠ્ઠલનાથજીકી વાણી હે તાહીતેં શ્રીરુકિમણી બહુજીકો તથા શ્રીપદ્માવતી બહુજીકો નામ વર્ણન નહીં કિયો તાકો હુ અબ કહા કારણ રહ્યો કયોં જો ઓરકે મુખદ્વારા વાકો હુ કહા દોષહે ॥ પ્રત્યુત્તર ॥

यह ठीक शंकरजी यदुंतु यह गुर्जरभाषा हे और गोपालदासजीके मुखसों प्रकट भई तासों सर्वथा आपकी जाणी हे ॥ यह ज्ञान होय नाहीं और या ज्ञानविना यों पाठहो पूर्ण इच्छा होय नहीं तासों जीवनपर कृपा करिके यह बानी आपकी हे यह जनायवेके लियें यह चिन्ह राख्यों हे यातें जो व्याख्यान किये सो सब युक्त हे ॥ श्लोक ॥ : ग्रंथमेवं दत्त्वासाक्षर पुरुषोत्तम ॥ निरूपय-तस्यप्राकट्यगयाजीअपयोजनम् ॥

॥ इतिश्रीमद्बालकृष्णचरणैकतानश्रीमद्गोवर्द्धनगुरुपाद-पद्मपरागलब्धमहोदयश्रीगोकुलोत्सवात्मजजीवना-ख्येनविरचितंमथमाख्यानव्याख्यानंसंमाप्तिमफाणीत् ॥

॥ अथ श्रीजीवनजीमहाराज थाप्रकार ग्रंथमाख्यानको व्याख्यान करिके याको समग्र अर्थ संक्षेपसों एक श्लोकमें लिखतहे तो श्लोकको अर्थ ॥ ग्रंथमाख्यानमें पहिले श्री गुसांईजीको वंदन तथा आर्थना करिके अरु व्यापकरूप अद्वैत ब्रह्मजेयो तुकसों लेके अक्षरब्रह्मसहित पुरुषोत्तमको निरूपण करिके ते प्रभुने मनइच्छाउपनी इत्यादि तुकसों सृष्टि निरूपणपुर्वक श्रीपुरुषोत्तमे पणी विचारयु इहांसु लेके श्री-

शुं सांप्रतरूपशुं आप प्रकट थये ए हेतु निरूपण कियो। और भक्तिमार्गीयजीवोद्धाररूप अवतार प्रयोजन हु कह्यो ॥ और या आख्यानमें कत रीत क्षर अक्षर पुरुषोत्तमको। निरूपण कियेहु ताही प्रकारको। सविस्तर सप्रमाण निरूपण मेंने वेदांतचिंतामणी या नामके संस्कृत ग्रंथमें तथा प्रस्तुतवर्ती प्रस्तुतिउपनिषत्के व्याख्यानमें निरूपण कियोहे सो उहां देखनो ॥ अब संक्षेपसों या आख्यानके समग्र अर्थको। दोहा ॥ वंदन करि हरि धाम वृत लीला सहित बखान ॥ हुणिधें सृष्टि संहु हेतु हरि जन्म कहयो। आख्यान ॥१॥ इति श्रीमज्जयद्वल-चरणसेवकस्य पंचनदिधनश्यामलदात्मजशोवर्द्धनाशुकवेःकृतो प्रथमाख्यानव्याख्यास्त्रिपशुं ॥

॥ द्वितीयाख्यान ॥

॥ श्रीकृष्णायनमः ॥ ऐसें प्रथमाख्यानमें अक्षरश्लोक और पुरुषोत्तमके। स्वरूप निरूपण करिकें और पुरुषोत्तमके प्राकट्यके। प्रयोजन वर्णन कियो ॥ अब दुसरे आख्यानमें जन स्वरूपसों प्रकट भये ता 'स्वरूपके। तथा चरित्रके। वर्णन करतहें ॥ राग रामकली ॥ अब श्रीमहाप्रभुनके स्वरूपचरित्रेां जनमें वर्णन है ॥ ऐसेा जे यह आख्यान ताके। प्रातःकालके विषें अवश्य गान करनेा याही अभिप्रायतें प्रातःकालके। राग रामकली है तामें या आख्यानके। गान गोपालदासजीनें कियेा ॥

लक्ष्मणसुत श्रीवल्लभराय ॥ स्मरण करतां दुष्कृत जाय ॥ कलिजन तरेवा नहीं अवर उपाय ॥ यज्ञपुरुष हरिना श्रुति गुण गाय ॥ १ ॥

॥ लक्ष्मण ॥ जे लक्ष्मणभट्टजी अक्षरश्लोकके। स्वरूप तिनके ॥ सुत ॥ सेा जेान ॥ श्रीवल्लभराय ॥ श्रीवल्लभ इनके। नाम है रह्यो सेा सब आचार्यनके जान ॥ अथवा श्री

जे स्वामिन्यादिक तिनके वल्लभ जे पुरुषोत्तम सोइ राय सो धनहे जिनके ॥ यातें सर्वदा आप ओमलक्षणाभक्ति-युक्त हें यह फलितार्थ भयो ॥ लौकिकमें हु जके जिसें सांचो प्रेम होत हे ॥ ताहेां धन कहिके जानतहें ॥ तो श्रीमहाप्रभुनको धन श्रीपुरुषोत्तम हें तामें आश्चर्य कहा ॥ याहीतें सप्तश्लोकीमें ॥ स्फुरत्कृष्णप्रेमामृतरसभरेणातिभरिता ॥ यह विशेषणमें येही निरूपण कियोहे ॥ अब ओसे जे श्रीमहाप्रभुजी तिनके नामस्मरण मात्रसों ॥ दुष्कृत ॥ जे पाप ते नाश पावतहें ॥ अब नाम-स्मरणकों पाप नाशकत्व अन्यभिलके आख्यानमें प्रसिद्ध हे ॥ और नृसिंहपुराणमें हु ॥ नाम्नोस्तियावतीशक्तिः पापनिर्हरनेहरेः ॥ तावत्कर्तुं न शक्नोतिपातकं पातकी-जनः ॥ यें श्लोकमें निरूपण कियोहे ॥ और भक्ति-मीमांसामेहु शांडिल्यमुनीनें या बातको सविस्तर विचार

---

१ अकट ओसो जे श्रीकृष्णप्रेमरूप अमृतरसमुह ताकरिकें भर्यों लयो श्री महाप्रभुनको स्वरूप हें.

२ भगवन्नामकी पाप मिटायवेमें जितनी बडी शक्ति हे तितनें पाप पातकी मनुष्य नहि करिसके.

હુ ગુણ શબ્દ પુર્વક રૂપ કહ્યો ।। અબ ગુણગાન એક બિશેષ શ્રુતિનને કિયો હોયગો યહ શંકાનિવારણાર્થ અહનિશ યહ કહ્યો ।। યાતે શ્રીમદ્ભાગવતને ગુણનિરૂપણ બિના ક્ષણમાત્ર હુ શ્રુતિ રહત નાંહી યહ સુચન કિયો ।। અથવા શ્રીમદ્ભાગવતને ગુણ રૂપ અનંત હે રાત્રદિવસ વેદ ગાન કરતહે તો હુ વાકો પાર પાવત નાંહી ।। અબ કેવલ ગાનમાત્ર હી નહી કરતહે પરંતુ અહનિશ ધ્યાન ઔર વિચાર હુ કરતહે ।। અબ અહનિશ યા શબ્દકો મધ્યમણિન્યાયસો ગુણરૂપગાન ઔર ધ્યાન વિચાર યહ દોનો આદિ સંબંધ હે ।। શંકા શ્રુતિ તો અક્ષરાત્મક હે મુર્તિમંત નહી તબ ઇનકો ધ્યાન વિચાર કરનો કેસે સંભવે મત્યુત્તર શ્રુતિનકો મુર્તિમંતપનો તો શ્રીમદ્ભાગવતમે વેદા-યથા મુર્તિમશાસ્ત્રિપૂર્વકે ।। ઇત્યાદિ સ્થલકે વિષે ઔર બૃહદ્ધર્મનાદિક પુરાણમે ।। સ્તુતોચેદઃપશાત્પરઃ ।। ઇત્યાદિ સ્થલમે પ્રસિદ્ધ હે ।। ઔર વેદનકી આધ્યાત્મિક મુર્તિ-

---

૧ દોષરહિત સપુર્ણ શાંતિનાદિક જે ગુણ તેહી હે કપરૂપ. ઇનકો ઐસે મનુષ્ય ઔર ભક્ત મહે પ્રાકૃતગુણ ઔર શરીર તિનતે રહિત હે ઔર ઇનકે પ્રાકૃત ચક્ષુ મુખ ઉદર ઇત્યાદિ સર્વ અપ્રાકૃત આનંદરૂપ હે ઔર ઇનતે જડપ્રપંચ અંતર્યામી કછુ વસ્તુ જુદી નહી હે ભાવાર્થતત્વ યા શ્લોકકો અર્થ નિબંધમે વિષયે હે.

નકો નિરૂપણ તો લક્ષણ ચૈતન્યુહાદિકનમેં સ્ફુટ હે ॥ અબ જ્ઞ સ્વરૂપકો શ્રુતિ ધ્યાન વિચાર કરત હે સો સ્વરૂપ કેસો હે તાકે નિરૂપણ કરતહે ॥ આનંદરૂપ ॥ જેસે લૌકિક સ્વરૂપ અસ્થિ ચર્મ નિર્મિત હોતહે તેસે નહીં આનંદમાત્ર સ્વરૂપ હે સો વેદમે બ્રહ્મોપનિષત્પ્રભૃતિમેં નિરૂપણ કિયો હે ॥ સો વેદમે પંચરાત્રમે હુ ॥ નિર્દોષ પરિપૂર્ણ ગુણવિગ્રહ આત્મતંત્રો નિશ્ચેતનાત્મકશરીરગુણૈશ્ચહીનઃ ॥ આનંદમાત્રકરપાદમુખોદરાદિઃ સર્વત્રચત્રિવિધભેદવિવર્જિતાત્મા ॥ યોગશ્લોકમે હુ નિરૂપણ કિયો હે યાહીતે ॥ અનૂપ ॥ ઉપમારહિત કયોં જો ઉપમા તો સાદૃશ્ય બિના નહિ હોતહે ॥ ઔર આપકે સદૃશ તો કોઈ કહુ નહીં હે તાતે અનુપમ એસે કહયો તેસે હી અર્જુનને હુ શ્રીગીતાજીમે ॥ નત્વત્સમોઽસ્ત્યભ્યધિકઃકુતોન્યઃ ॥ યા શ્લોકમેં કહયો હે ઔર શ્વેતાશ્વતરાદિ ઉપનિષદ્નમેં હુ યહ બાત સ્ફુટ હે અબ એસો સ્વરૂપ સુંદર હે કે નહી યેહ શંકા નિવારણાર્થ કહયો ॥ સુંદર ॥ આપ

---

૧ હે પ્રભો દુસરો કોઇ આપકે સદ્રશ થી નહીં હે તબ અધિક તો કહાતેં.

કોટિકંદર્પ લાવણ્ય હું સોહી બૃહદ્ધામન પુરાણમેં ॥ કંદર્પકોટિલાવણ્યેત્વયિદૃષ્ટેમનાંસિનઃ ॥ યા શ્લોકમેં શ્રુતિનનેં નિરૂપણ કિયોહે ॥ અબ એસો વર્ણન કરિવેકું યોગ્ય સ્વરૂપ તો પરિમિત ભયો યહ શંકા નિવારણાર્થ કહ્યો ॥ પામેનહીકોયપાર ॥ કોઈ વેદાદિક હુ પાર પાવત નહી હૈં ॥ કયોં તે વેદમેં અક્ષરબ્રહ્મકે આનદ પર્યંત ગણના કીની હૈ ઔર પુરૂષોત્તમ તો અગણિતાનંદ કહેહૈં યાહીતેં પામે નહી કોય પાર યહ કહ્યો ॥ ૨ ॥

प्राणपतिप्रागट्यकारण कांइएक कहुं मतिमंद ॥
हर खुर विधाता नवलहे साक्षात् ब्रह्मानंद ॥ ३ ॥

અબ શ્રીમહાપ્રભુનકો અલૌકિક સ્વરૂપ અનુભવપુર્વક નિરૂપણ કિયો તાતેં પ્રેમલક્ષણા ભક્તિકો હૃદયમેં ઉદય ભયો તાતેં ॥ પ્રાણપતિ ॥ ઐસેં કહ્યો ॥ અબ કૈવલ્ય

---

૧ કોટિ કામદેવ જૈસો લાવણ્યયુક્ત આપકો સ્વરૂપ દેખિકેં હમારે મન કામતે શ્રોત્ર પાવત હૈ ઐસેં શ્રુતિનનેં પુરૂષોત્તમકો કહ્યો હૈ.

૨ બ્રહ્મવલ્લી ઉપનિષદમેં

પતિ નહી કહે ઔર પ્રાણપતિ કહે તકો કારણ યહ જો લૌકિકમેં કિંચિત્ પેષણમાત્ર કરતહે તાતેં સો પતિ કહાવત હે ।। પરંતુ લૌકિક પતિ સો યથાર્થ નહી કહ્યો જો આપ સર્વદા સર્વત્ર નિર્ભય હોય ઔર ભયમાત્રતેં સર્વ રીતસોં રક્ષા કરે તાકો નામ પતિ સો શ્રીમદ્ભાગવત પંચમસ્કંધમેં ।। સર્વૈપતિઃસ્યાદકુતોભયઃસ્વયસમંતતઃ-પાતિભયાતુરંજનં।। યા શ્લોકમેં ઔર લૌકિકપતિ પ્રાણકો રક્ષા કરી સકત નાંહીં ઔર શ્રીમહાપ્રભુજી તો જીવનકો મુક્ત કરિકે જન્મમરણ ભયરહિત કરતહે યાતેં પ્રાણ-પતિ યહ વિશેષણ કહ્યો ।। અબ એસે જો શ્રીવલ્લભાચાર્યજી તિનકો ।। માકલ્ય જો પ્રાદુર્ભાવ તાકો ।। કારણ ।। જો પ્રયોજન સો ।। કાંરણક ।। કછુક કહતહું ।। અબ યાકો કારણ યહ જો ।। મતિમંદ ।। મેરી મતિ જો બુદ્ધિ સો મંદ હે થોડી હે યાંતે સબ કારણ કહિબેકી મેરી શક્તિ નહી હે અબ પ્રાકટ્ય કારણકો યથાર્થ વર્ણન હોય નહી સકતહે તાકો હેતુ મતિમંદ યહ કહ્યો તાતેં યહ શંકા ઉત્પન્ન

---

૧ જો આપ કહિસું ભી ભય ન પાવે ઔર ભયાતુર અપંને જનકી ચારેા આડીસું રક્ષા કરે સો પતિ કહ્યો જાય

હોતહેં જો જગ્રી અધિક મતિ હોય સોં આકટ્યકો કારણ યથાર્થ નિરૂપણ કરે તાહુકો નિવારણ કરત હે ॥ હર ॥ જો શિવજી ઔર ॥ સુર ॥ જો ઇંદ્રાદિકદેવ ઔર ॥ વિધાતા ॥ જો બ્રહ્માજી યે સબ, સાક્ષાત્ બ્રહ્માનંદકો અનુભવ નહી કર સકત હેં ॥ સોઇ શ્રીભગવતમેં ॥ યતોં પ્રાપ્યનિવર્તંતેવાચશ્ચમનસાસહ ॥ અહંચાન્યઇમે-દેવાસ્તસ્મૈભગવતેનમઃ ॥ યા શ્લોકમેં કહયો હે ॥ ઔર વેદમેં હે એસો નિરૂપણ કિયો હે ॥ યાકો ભાવાર્થ યહ જો પ્રભુનકો સાક્ષાત સ્વરૂપકો અનુભવ બ્રહ્માદિકનકોં હુ નાંહી તિનકે આકટ્યકો કારણ નિરૂપણ કરે એસી જીવકી શક્તિ કહાંસો ॥ ૩ ॥ અબ આકટ્યકો કારણ નિરૂપણ કરિવેકો ઉપક્રમ કરતહેં તહા પહિલે શ્રીમહાપ્રભુનકો સ્વરૂપ નિરૂપણ કરત હેં ॥

---

૧ તૃતીયસ્કંધ ષષ્ઠાધ્યાયમે મૈત્રેયને કહયો હે વાણી ઔર મન જા ભગવત્સ્વરૂપકો પ્રાપ્ત ન હોયકે નિવૃત્ત હોતહે અર્થાત્ જો સ્વરૂપ મનસુ ગિચાયો નહિ જાય ઔર વાણીસુ કહયો નહિ જાય ઔર મે તથા યે સબ દેવતા જીનકોં નહિ પાવતહે તિન ભગવાનકોં હમ પ્રણામ કરેં હેં.

૨ બ્રહ્મવલ્લી તૃતીયમુંડક બૃહદારણ્યક ઇત્યાદિક ઉપનિષદનમેં.

श्रीवृंदावनचंदमुखरुचि अभि ते अवतार ॥
द्विजतिलक त्रिभुवन नाम निरुपम रूप अंगीकार ४
अभ ॥ श्री ॥ जे शोभा ताकरिकें युक्त जे ॥ वृंदावन ॥
ताके विषें चंद्र जैसे ॥ ताको भावार्थ यह जे जैसें
शरि चंद्रतेंही शोभतहे तैसे वृंदावनभी हु शोभा
आपसेंही हे ॥ अथवा ॥ श्री ॥ जे स्वाभिन्यादिक
तिनके ॥ वृंद ॥ जे समुह तिनके ॥ अवन ॥ सो पति
ताद्रप ॥ चंद्र । अथवा ॥ श्री जे व्रजसुंदरी तिनके वृंदके
अवन सो अभिपति श्रीस्वाभिन्यादिक तिनके चंद्र सो
आनंद देवेवारे कयों जे चदिधातु आल्हाद अर्थमें
प्रवृत्त होतहे ताको चंद्र यह शब्द हे ॥ अभ ऐसे
वृंदाभनचंद जे प्रभु तिनके मुखथी ॥ रुचि ॥ कांति
ताकरिकें युक्त जे ॥ अभि ॥ सो भगवन्मुखारविंदके
अधीष्ठाता अग्नि तिनके अभतार ऐसे जान ॥ ते ॥ सो
श्रीवल्लभाचार्यजी ॥ अभ मुखचंद्रकी रुचियुक्त अग्नि
कहे ताको तात्पर्य यह जे लौकिक अग्नि तो सन्निधीसें
ताप करतहे ओर ये अलौकिकाग्नि तो सन्निधिसें शीत
जना करतहें दुर हे ताकें ताप करतहें यह सुचनार्थ

શ્રીવૃંદાવનચંદ મુખરૂપિ અગ્નિ[1]તે અવતાર યહ કહ્યોં ॥ અબ અગ્નિ હૈ સો ભગવન્મુખરૂપ હૈ યહ નિરૂપણ વેદમેં કિયોહૈ ॥ ઔર શ્રીમદ્ભાગવતમેં હુ ॥ નાભિર્ન-ભોઽગ્નિર્મુખમંબુરેતઃ ॥ ઇત્યાદિ સ્થલકે વિષેં નિરૂપણ કિયોહૈ ॥ અબ કૈસો સ્વરૂપ ધારણ કિયો સો નિરૂપણ કરતહૈં ॥ દ્વિજ ॥ જો બ્રાહ્મણ તિનકે ॥ તિલક ॥ સો શિરોમણિ ॥ કયોં જો સબ વર્ણકે શિરોમણિ[2] બ્રાહ્મણ હૈં ઔર તિનકે શિરોમણિ આચાર્ય હૈં ॥ યહ શ્રીમદ્ભાગવતકે એકાદશસ્કંધમેં ॥ આચાર્યમાંવિજાનીયાન્નાવમન્યેતકર્હિચિત્ ॥ નમર્ત્યબુદ્ધ્યાસૂયેતસર્વદેવમયોગુરૂઃ ॥ યા શ્લોકમેં પ્રભુનનેં આજ્ઞા કીની હૈ યાહીતેં દ્વિજતિલક

---

૧ પુરૂષસુક્તાદિ સ્થલમેં.

૨ આકાશ પ્રભુનકી નભિ હૈ ઔર અગ્નિ હૈ સો મુખ હૈં ઔર જલ હૈ સો વીર્ય હૈ

૩ ભગવાનને આજ્ઞા કીનીહૈં જો આચાર્યનકો મેરો સ્વરૂપ જાનને ઔર કબી હુ વિનકો અપંમાન ન કરનો ઔર વિનપેં મનુષ્ય બુદ્ધી લાયકે દોષ્યો ન કરનો કયો જો ગુરૂ હૈ સો સર્વ દેવતારૂપ હૈ.

यहु कहयो ॥ अब पुरुषोत्तमकेां द्विजभानकेही तिलक कहे तातें न्युनता आई ताकेा निवारण करतहेां ॥ तिलक-त्रिभुवन ॥ केवल द्विजकेही तिलक नांहीं त्रिभुवनके हु आप तिलक हेां ॥ अब इहां तिलक शब्दकेा देहली दीपक न्यायतें द्विज शब्दसेां और त्रिभुवन शब्दसेां संबंध हे ॥ और आपनें कहा कियेा सेा कहतहेां ॥ नाम ॥ और ॥ रूपनिरूपम ॥ सेा जाकेां उपमा नहि ऐसे अंगीकार कियेहेां कैसें जे लेाकिकमें जैसेा नाम हेातहे तैसेा रूप नांहीं हेातहेां और गुण हु नाहीं हेातहे ॥ और श्रीमहाप्रभुनकेा तेा नाम श्रीवल्लभ हे ताकेा अर्थ यहु जे श्री जे शेाभा ताकरिकें युक्त ऐसे वल्लभ सेा प्रिय ॥ अब आप केाटिचंद्र जैसे सुंदर हे और गुणनकरिकें तेा जगधीश हेां कयेां जे आप भगव-न्मुखारविंदाधिष्ठातृ अग्नि हेां अस ऐसेा नाम और रूप लैाकिक पदार्थकेा हेात नांहीं तातें नामनिरूपमरूप अंगीकार ऐसें कहयेा ॥ अथवा ॥ द्विज ॥ जे चंद्र ताहे तिलका सेा वंदनीय कयेां जे प्रथम श्रीकृष्णावतार धारण करिकें वाकेा दुख पावन कियेा याहीतें श्रीमद्भागवत

નવમ સ્કંધમેં શ્રીશુકદેવજીનેં ॥ વંશઃસોમસ્યપાવનઃ એસેં કહ્યો ઔર અબ ચંદ્રકી પ્રજા જે બ્રાહ્મણ તિનકો કુલ પાવન કિયો યેહી અભિપ્રાયસોં દ્વિજતિલકઃ યહ કહ્યો ॥ ઔર બ્રાહ્મણ ચંદ્રકી પ્રજા હૈં સો તો વેદમેં નિરૂપણ કિયોહૈ ઔર શ્રીમદ્ભાગવતમેં હુ ॥ વિપ્રોપ્યુડુગણાનાંચબ્રહ્મણાકલ્પિતઃપતિઃ ॥ યા શ્લોકમેં કહ્યો હૈ ઔર આપ કૈસે હૈં ॥ ત્રિભુવનનામ ॥ ત્રિભુવનમેં નામ સો કીર્તિ હૈ જીનકી તાકો હેતુ યહ જે ॥ નિરુપમ ॥ સો અલૌકિક જે રૂપ તાકો અંગીકાર કિયો હૈ ॥ નહિં તો લૌકિકરૂપ વારેકો તીન લોકમેં નામ કહાંસો હોય યાહીતેં દ્વિજતિલક ત્રિભુવનનામ નિરૂપમરૂપ અંગીકાર યહ કહ્યો ॥ અથવા ॥ દ્વિજ જે બ્રાહ્મણ તિનકે તિલક સો

---

૧ ચંદ્રકો વંશ ઓતાનકોં પવિત્ર કરનહાર હૈ.

૨ તૈત્તિરીય સંહિતાકે અષ્ટમ પ્રપાઠકકે દશમાનુવાકમેં સોમ હમારો બ્રાહ્મણનકો રાજા હૈ ઐસે લિખ્યો હૈ ઔર તૈત્તિરીય બ્રાહ્મણમેં હુંયાહી રીતસુ લિખ્યો હૈ

૩ બ્રહ્માજીનેં ચંદ્રમાકોં બ્રાહ્મણ ઔપધી નક્ષત્રગણ ધન સુખનકો પતિ કિયો હૈ.

મુલ કારણ કહ્યોં જે, આપ ભગવન્મુખારવિંદ હૈં ઔર બ્રાહ્મણકી ઉત્પત્તિ ભગવન્મુખારવિંદતેં હૈં સોઈ વેદમેં નિરૂપણ કિયો હૈ ॥ ઔર શ્રીમદ્ભાગવત દ્વિતીય-સ્કંધમેં ॥ પુરૂષસ્યમુખંબ્રહ્મ ॥ યાશ્લોકમેં વર્ણન કિયો હૈ યાહીતેં દ્વિજતિલક યહ કહ્યો ॥ અબ યા રીતસોં તો આપકોં ભગવન્મુખારવિંદ રૂપત્વ આયો તાસોં આપ પુર્ણપુરૂષોત્તમ ન હોંયગે યા શંકાકો નિવારણ કરતહૈં ॥ ત્રિભુવનનામ ॥ તીનો હી ભુવનમેં જીનકે નામ હૈં ॥ યાકો આશય યહ જે તીનો લોકમેં જીતને નામ હૈં સો આપકે હી હૈં ॥ ઔર પદાર્થમેં તો કેવલ વ્યવહારાર્થ નામથી પ્રવૃત્તિ હૈ સો હુ મહાધર્મ પુરાણમેં કહ્યો હૈ ॥ સર્વેષાંતદધીનત્વાત્તત્ત્વચ્છબ્દાભિધેયતા ॥ અન્યેષાંવ્યવહા-

---

૧ પુરૂષસુક્તાદિકનમેં.

૨ બ્રાહ્મણ પ્રભુનકે મુખરૂપ હૈં.

૩ યદ્યપિ સબ શબ્દ ભગવદ્વાચક હી હૈં તથાપિ સબ પદાર્થ ભગવાનકે અધીન હૈં ભગવાનમેંસુ ઉત્પન્ન હોતહૈં તાહીતેં ભગવદ્કૃત સંકેતાનુસારતેં વે વે શબ્દ વા વા પદાર્થમેં પ્રવૃત્ત હોતહૈં ઔર એકેક પદાર્થકે જુદે જુદે નામ ન હોંય તો વ્યવહાર ન ચલે

ત્વાર્થમિષ્યતેઽર્થવદ્ભિઃ ॥ યાશ્લોકમેં ॥ યાકો ફલિતાર્થ
યહ જો પુરુષોત્તમહી સર્વશબ્દવાચ્ય હૈં યાતેં જો શંકા
શ્રીની તાકો નિવારણ કિયો ॥ અબ સ્થાનોત્કર્ષ ઔર
નામોત્કર્ષ નિરૂપણ કરિકૈં સ્વરૂપોત્કર્ષ નિરૂપણ કરત હૈં॥
નિરૂપમરૂપ અંગીકાર ॥ અબ લૌકિકમેં રૂપ જો હોય
તાકો અંગીકાર જો ધારણ કરનો સો ગર્ભસંબંધસોં હોય
સોઈ શ્રીમદ્ભાગવત તૃતીય સ્કંધમેં કપિલદેવજીનેં ॥
સ્ત્રિયાઃપ્રવિષ્ટઉદરંપુંસોરેતઃ કણાશ્રયઃ ॥ યા શ્લોકમેં
નિરૂપણ કિયો હૈ ઔર આપ તો અગ્નિકુંડ સોં પ્રકટ
ભયેહૈં સોઈ શ્રીદ્વારિકેશજીનેં મુખપુરુષમેં અગ્નિરહૈં-
વામંત્યભાલક ॥ યહ નિરૂપણ કિયોહૈ યાતિ અભિપ્રાયસોં
નિરૂપમરૂપ અંગીકાર યહ કહ્યો ॥ શંકા ॥ શ્રીવલ્લભા-
ચાર્યજી ભગવન્મુખારવિંદાધીષ્ઠાતૃઅગ્નીકો અવતાર હૈં
યામેં કહા પ્રમાણ ॥ સમ્યુત્તર ॥ અગ્નિપુરાણમેં ભવિષ્યો-

તાતેં વ્યવહારાર્થ નામરૂપવિભાગ હૈ યાહીકો નામરૂપ વ્યાકરણ
કહતહૈં સો વેદમેં શ્વેતકેતુ વિદ્યાપ્રભૃતિ પ્રપંચનમેં પ્રસિદ્ધહૈ ઔર
વેદાંતચિંતામણિમેં મૈંનેહુ નિરૂપણ કિયોહૈ.

૧ પુરુષકે વીર્યબિંદુકો આશ્રય કરિકૈં સ્ત્રીકે ગર્ભમેં જાતહૈ.

ત્તર ખંડકે વિષે ॥ અગ્નિરૂપોદ્ભીજાચારોભવિષ્યામીહ-
ભુતલે ॥ વલ્લભોઽગ્નિરૂપ સ્યાદ્વિદ્વલઃપુરૂષોત્તમઃ ॥ યા
શ્લોકમેં પ્રભુનને આજ્ઞા કીનીહે ॥ સોઈ શ્રીસુબોધીની-
જીકે પ્રારંભમેં ॥ અર્થ તસ્યવિવેચ્યિતું ॥ યા શ્લોકમેં
તથા વ્યાસસુત્રકે દ્વિતીયાધ્યાયકે દ્વિતીયપાદકે છબીસમેં
સુત્રકે ભાષ્યમેં હુ મહાપ્રભુનનેં આપકેાં અગ્નિરૂપત્વ
સ્પુટ નિરૂપણ કિયેા હે ॥ ૪ ॥ અબ અલૈાકિક રૂપસેાં
પ્રકટ ભયે તાકે ચિન્હનકેા સુચન કરત ભયે ॥ પ્રાકટયકે
સમયકે આનંદકેા વર્ણન કરતહેં ॥

દેવલોક દુંદુભિ વાજિયા આનંદા કરે રે નિસંક ॥
અસુરતિમિર ઉછેદવા ભુવિ વલ્લભદેવ મયંક ॥ ૫ ॥

॥ દેવલોંકદુંદુભિવાજિંયા ॥ અથ દેવલેાકમેં દેવતાનનેં
દુંદુભિ બજયે ॥ ઇહિં દુંદુભિ શબ્દ તેા ઉપલક્ષણમાત્ર
હે યાતેં સર્વ વાદ્ય દેવતાનનેં બજયે ॥ અબ દેવલેાક
કહયેા તાકેા કારણ યહ જે દિવુ ધાતુતેં દેવ યહ શબ્દ

---

૧ મેં અગ્નિસ્વરૂપસેા બ્રાહ્મણયકે અનુસાર યથાર્થ આચરણ
કરનહારં અવતારે ભુતલપેં લઉંગેા યાહીતેં શ્રીમહાપ્રભુ ઔર
શ્રીગુસાંઇજી સાક્ષાત્ અગ્નિરૂપ હેં ઔર પુરૂષેાત્તમ હેં:

હોતહે સો દિવુ ધાતુ દશ અર્થમેં પ્રવૃત્ત હોતહે, તામેં-સોં નવ અર્થ સુચન કરિવેકું દેવકોઉ કહ્યો હોઇ સ્પૃટ કરત હેં ॥ દિવુ ધાતુ ક્રીડા વિજીગીષા વ્યવહાર દ્યુતિ સ્તુતિ મોદ મદ સ્વપ્ન કાંતિ ગતિ ઇતને અર્થમેં પ્રવૃત્ત હોતહે ॥ અબ આપકો આકૂટય ભયો તાતેં આનંદસો નૃત્યાદિ ક્રીડા કરતહેં ॥ ઔર અસુરનકેં ક્ષતિવેકી ઇચ્છા-સોં રહિત હતે સો અબ આપકો આકૂટય ભયો તાસોં ફેર અસુરનકેં ક્ષતિવેકી ઇચ્છા ભઈ ॥ ઔર અસુરનકે પ્રાબલ્યસોં યજ્ઞાદિકનકે વ્યવહાર સબ બંદ હતે સો ફેર પ્રવૃત્તં ભયે ॥ ઔર આપકી સ્તુતિ કરત ભયે ઔર આપકે પ્રાગટ્યસોં મોદ જો આનંદ તાકરિકું યુક્ત ભયે ॥ ઔર શ્રીવલ્લભાચાર્યજી જેસે હમારે ધની પ્રકટ ભયે અબ હમ જેસો ધન્ય કોન હે યા મદસોં યુક્ત ભયે ॥ ઔર અસુરનકે પ્રાબલ્યસોં દ્યુતિ જો શોભા તાકરિકું હીન હોય રહે હતે સો આપકે આકૂટયતં પાછે શોભાયુક્ત ભયે ॥ ઔર આપકે દર્શનકી કાંતિ જો ઇચ્છા તાકરિકું યુક્ત ભયો ॥ ઔર ક્ષુતલકે ચિયેં ગતિહીન ભયે હતે સો અબ આપકે આકૂટય માત્રસોં ગતિયુક્ત ભયે ઔર સ્વપ્ન યા અર્થકો

તો દેવતાનમેં સંભવ હી નહી કયોં જો અસ્વપ્ન એસો ઉનકો નામ હૈ તાતેં દિવુ ધાંતુકે નવ અર્થ સુચનાર્થ હી દેવદોઽ યહુ કહયો ॥ અબ ચાકો ફલિતાર્થ યહ જો જબસમેં ચંપકારણ્યમેં આપ પ્રકટ ભયે તાસમેં કોઈ હુ મનુષ્ય નહીં હતો કેવલ દેવતાનકોં હી પ્રાદુર્ભાવકે દર્શન ભયે તાતેં દેવલોક દુંદુભિ વાજ્યા યહુ કહયો અથવા શ્રીકૃષ્ણકો પ્રાદુર્ભાવ વસુદેવજીકે ઘર હોનહાર હતો તાસોં વસુદેવજીકે જન્મસમેં દેવ દુંદુભિ બજે તેસેં શ્રીમહાં-પ્રભુનકે ઘર હુ શ્રીવિઠ્ઠલનાથજી રૂપસો પ્રકટેંગે યહ સુચન કરિવેકોં ॥ દેવલોક દુંદુભિ વાજ્યા યહ કહયો ॥ અબ યા રીતસોં તો પુર્ણપુરૂષોત્તમ જો શ્રીમહાપ્રભુજી તિનકોં વસુદેવજીકી તુલ્યતા ભઇ તાકો નિવારણ કરતહે ॥ આનંદકરેરેનિસંક ॥ નિઃશંક સો ભયરહિત હોયકે

---

[૧૨] દેવતાનકો સ્વપ્ન સો નિદ્રા નહી હે તાતેં યે અસ્વપ્ન કહે જતહે યાહીતેં આદિત્યાઋભવોઽસ્વપ્ના એસો અમરકોશમેં કહયોહે

૨ વસુદેવજીકે જન્મસમેં દેવતાનનેં દુંદુભિ બજાયે યાહીતેં વસુદેવજીકો નામ 'આનક દુંદુભિ' એસો હે યહ બાત નવમ-સ્કંધકે ચોવીસમે અધ્યાયમેં દેવદુંદુભયોનેદુરાનક્ષા યસ્યજન્મનિ વસુદેવ ઇતિસ્થાનં વદંત્યાનકદુંદુભિ યા શ્લોકમેં.

આનંદ કરતહૈં ॥ આગ વસુદેવજીકો જન્મ ભયો
યદ્યપિ દેવ દુંદુભિ બજે તથાપિ ભયનિવૃત્તિ નહીં
ઔર આપકે તો પ્રાકટ્ય માત્રસેં હી ભયનિવૃત્તિપુર્વક આ
ભયો યહ પુરૂષોત્તમકે પ્રાકટ્યકો ચિન્હ હે આગ યાકે
તાર્થ યહ જો આપ પુર્ણપુરૂષોત્તમ હૈં ઔર શ્રીનિ
ધ હૂ પુર્ણપુરૂષોત્તમ હૈં યાતેં દોઉ સ્વરૂપ એકહિ
અબ આનંદયુક્ત ભયે એસેં નહીં કહયો ઔર
કરે એસે કહયો તાકો અભિપ્રાય યહ જો
એસે શબ્દ કરત ભયે ॥ તથા પુષ્પકી વૃષ્ટિ કરત ભ
અબ આનંદ કોન કરત ભયે ॥ તાકો નામ નહી
તાતેં યહ અચત કિયો જો તીન શ્લોકમેં સબ કહ્યો

વલ્લભ સો પ્રિય હૈં દેવ સો દેવજીવ જીનકેં તે વલ્લભદેવ ॥ યાકો ફલિતાર્થ યહ જો આપકેં દેવજીવ પ્રિય હૈં તાતેં ઉનકે ઉદ્ધારાર્થ હી આપનેં અસુરતિમિરકો નાશ કિયો ॥ અબ અસ્મિકૃતિમિર નાશકૃત્વ તો સુર્યકેં હૈ ॥ તથાપિ આપકેં મયંક કહે તાકો અભિપ્રાય યહ જો સુર્ય યદ્યપિ તિમિર મિટાવત હૈ તથાપિ તાપકર્તા હૈ ॥ ઔર આપ તો અસુરતિમિરકો નાશ કરતહૈં ઔર દૈવી જીવનકેં શીતલ કરતહૈં ॥ ઇત્યાદિક અનેક અભિપ્રાયસોં મયંક આપકેં કહે ॥ અથવા ॥ ભગવન્મનોરૂપત્વ સુચન કરિવેકેં મયંક આપકેં કહે યાહીતેં સર્વોત્તમજીમેં ॥ શ્રીકૃષ્ણહાર્દવિત્ ॥ યહ આપકો નામ હૈ ॥ ઔર ચંદ્રકો ભગવન્મનોરૂપત્વ તો પ્રથમ હી નિરૂપણ કિયો હૈ ॥૫॥ અબ પ્રાકટ્યકો નિરૂપણ કરિકેં પ્રકટ હોયકેં જો કાર્ય કિયો સો નિરૂપણ કરતહૈં ॥

પૂરણ પુરુષ પ્રમાણગંથા વ્યાખ્યાતા વેદાંત ॥
ગ્રંથ સર્વે રસરૂપ કીધા પોતાને સિદ્ધાંત ॥ ૬ ॥

પૂરણપુરુષ ॥ પુરણ જો અક્ષરબ્રહ્મ ઔર પુરુષ જો પુરુષો-

---

૧ શ્રીકૃષ્ણકે મનકી બાત જાનિવેવારે આપ હૈ.

તમ તાકેા ॥ પ્રમાણ ॥ જે વેદ તાકેા ॥ પંથ ॥ સેા ભાર્ગ રૂપ એસેા જે ॥ વેદાંત ॥ સેા તત્વસુત્ર જાકેાં વ્યાસસુત્ર કહતહેં તાકે વ્યાખ્યાતા સેા ભાષ્યકરિવે વારે તાહીતેં સર્વોત્તમજીમેં તત્વસુત્રભાષ્યપ્રદર્શકઃ ॥ યહ આપકેા નામેં હે ॥ અબ પુર્ણ શબ્દ અક્ષરબ્રહ્મવાચક ઔર પુરૂષ શબ્દ પરબ્રહ્મવાચક હે યહ તેા કઠવલ્યાદિકનમેં નિરૂપણ કિયેા હે ॥ અથવા ॥ પુરણપુરૂષ જે પરબ્રહ્મ તાકેા પ્રમાણશ્રુત જે કર્મમાર્ગ તાકે વ્યાખ્યાતા સેા ભક્તિકેા ઔર જ્ઞાનકેા સાધનરૂપ જાનિકે પ્રવૃત્તકર્તા યાહીતેં કર્મમાર્ગપ્રવર્તકઃ

---

૧ વેદાર્થનિશ્ચયકી પ્રાપ્તિકેા સાધન.

૨ વેદાંત એસેા ઉપનિષદનકેા નામ હે કયેાં જે ઉપનિષત્ હેં સેા વેદકે અંત ધતનેં શિરેાભાગરૂપ હેં ઔર ઉપનિષદ્વિચારક વ્યાસસુત્રનકેાં હુ વેદાંત કહતહેં અથવા વેદકેા અંત સેા નિશ્ચય જા શાસ્ત્રતેં હેાય તાકુ વેદાંત કહિયે ઔર વેદાર્થનિશ્ચયકે કારણ તેા વ્યાસસુત્રહીહેં તાતે વ્યાસસુત્રકેા વેદાંત કહતહેં.

૩ વ્યાસસુત્રનકે અધીકિકે ભાષ્યકેાં પ્રકટ કરિકેં યા લેાકમેં દિખાવનહારે શ્રીમહાપ્રભુજી હેં.

૪ કર્મમાર્ગકે પ્રવર્તક શ્રીમહાપ્રભુજી હેં કયેાં જે શ્રેાતસ્માર્ત નિત્યકર્મ જેસેં બને તેસેં સર્વથા વૈષ્ણવનકેં છેાડનેા નહિ ચેાસેા આપકેા સિદ્ધાંત હે.

યોગાદ્યભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશાદ્ઃ યે દોઇ નામ સર્વોત્તમજીમેં આપકે હૈં ॥ ઔર પ્રમેય સ્વરૂપકો જમેં નિરૂપણ હૈ એસો જે વેદાંત તાકે હુ વ્યાખ્યાતા વ્યાખ્યાન કરિવે વારે ઇહિં વ્યાખ્યાતા યા શબ્દકો મધ્યમણિ ન્યાયસોં પ્રમાણપંથા ઔર વેદાંત યે દોઇ શબ્દનસોં સંબંધ હૈ ॥ શંકા ॥ કર્મમાર્ગ પરબ્રહ્મકો પ્રમાણભુત કૈસેં હૈ વામેં તો કર્મકો નિરૂપણ હૈ ॥ સત્યુત્તર ॥ કર્મ ક્રિયેસો કછુ હુ અપુર્વફલ હોતહૈ પરંતુ દાતાબિના ફલ કહાંતેં મિલે તાતેં જે કોઈ ફલકો દાતા સોઇ પરબ્રહ્મ યહ વ્યાસસુત્રમેં સ્ફુટ હૈ ॥ યા રીતસોં કર્મદ્વારા બ્રહ્મકો જ્ઞાન હોતહૈ તાતેં કર્મ પરબ્રહ્મકો પ્રમાણભુત હૈ ઔર વેદાંતમેં તો કેવલ પ્રમેય સ્વરૂપકો હી નિરૂપણ હૈ ॥ અબ યાકો ફલિતાર્થ યહ જે કર્મમાર્ગમેં કર્મફલ દાતાપનેંસોં બ્રહ્મસ્વરૂપકો બોધ હોતહૈ ॥ ઔર વેદાંતમેં સાક્ષાત્ સ્વરૂપકો હી બોધ હોતહૈ યા રીતકો

---

૧ યજ્ઞાદિક જે વૈદિકર્મ હૈં તે ભક્તિમાર્ગકો મુખ્ય સાધન હૈં એસેં શ્રીમહાપ્રભુનને નિજ ધાદિક ગ્રંથનમેં આજ્ઞા કીની હૈ. -

૨ તૃતીયાધ્યાયકે ૨ પાદકે ૩૮ સુત્રમેં.

કે વિચારપુર્વક શ્રીકૃષ્ણ સંબંધીજ્ઞાન સો જીવકેં આપે હેતરેં ॥ યાહીતેં ॥ શ્રીકૃષ્ણજ્ઞાનદઃ ॥ યહ સર્વોત્તમજીમેં આપકેા નામ હે ॥ શંકા ॥પ્રથમ તો કર્મમાર્ગદ્વારા ઔર વેદાંતમાર્ગદ્વારા પરબ્રહ્મકેા જ્ઞાન હોતહે યહ નિરૂપણ મુલમેં કિયેા ॥ ઔર વેદશાસ્ત્રકેા હુ યેહી સિદ્ધાંત હે તથાપિ ફલિતાર્થમેં શ્રીકૃષ્ણકેા જ્ઞાન એસેં કહયેા તાકેા કહા કારણ ॥ પ્રત્યુત્તર ॥ પરબ્રહ્મ સોઈ શ્રીકૃષ્ણ યહ વેદમેં હુ નિરૂપણ કિયેાહે ॥ ઔર હરિવંશ કૃષ્ણજન્મ ખંડાદિકમેંહુ નિરૂપણ કિયેાહે તાતેં શ્રીકૃષ્ણકેા જ્ઞાન કહયેા સેા યુક્ત હે ॥ શંકા ॥ યા રીતસેાં તેા વેદાંત મુખ્યભયેા ઔર કર્મ ગૌણ ભયેા તબ પ્રથમ કર્મમાર્ગ કયેાં કહયેા ઔર પાછે વેદાંત કયેાં કહયેા ॥ પ્રત્યુત્તર ॥ પ્રથમ સામાન્ય જ્ઞાન હેાય પીછેં વિશેષજ્ઞાન હેાય તાસેાં પ્રથમ કર્મદ્વારા બ્રહ્મ હે એસેં જાને ફેર વેદાંદ્વારા યાકેાં યથાર્થ બ્રહ્મસ્વરૂપકેા જ્ઞાન હેાય તાતેં પ્રથમ કર્મમાર્ગ કહયેા ॥ અબ

---

૧ ‘તાપનીયશ્રુતિમેં કૃષ્ણ એસેા સદંશકેા નામ હે ઔર ણુ એસેા આનંદકેા નામ હે તાતે કૃષ્ણુ એસેા સદાનંદપરબ્રહ્મકેા નામ હે એસેાં કહયેા હે.

ગ્યાગ્યગ્રંથકે આપ કર્તા હૈં યહ નિરૂપણ કરિકૈં ઔર
ન્યગ્રથકે હુ કર્તા આપ હૈં યહ નિરૂપણ કરતહૈં ॥ ગ્રંથ-
સર્વરસરૂપકીયા ॥ રસરૂપ હૈતિનૈં રસ જો વેદોક્ત આનંદ-
મય પ્રભુ તિનકો રૂપ સો નિરૂપણ જીનમેં હૈ ઐસે ॥
અથવા બ્રહ્મવલ્યુક્ત રીતિસોં રસ સો આનંદાત્મક પુરૂષો
ત્તમ તથા ઉનકો ભક્તિરસ ઇનિ દ્વોઉનકે રૂપ સો નિરૂપણ
કરનહારે ઐસે સબ ગ્રંથ આપનૈં કિયે ॥ અથવા ॥ રસ-
રૂપ સો સાક્ષાત્ ભગવદ્રુપ સબ ગ્રંથ આપનૈં કિયેહૈં
યાહીતૈં શ્રીયમુનાષ્ટકાદિ સર્વ ગ્રંથનકો એક એક ભગવદ-
વયવરૂપત્વ શ્રીહરિરાયજીનૈં નિરૂપણ કિયોહૈ તાસોં ॥
ગ્રંથ સર્વરસરૂપ કીધા ॥ યહ કહ્યો અબ યે સબ ગ્રંથ
કૌનકે સિદ્ધાંતકો અવલંબન કરિકૈં કિયે સો નિરૂપણ
કરતહૈ ॥ પોતાને સિદ્ધાંત ॥ આપકો જો સિદ્ધાંત શુદ્ધા-
દ્વૈતસિદ્ધાંત તદનુસાર સબ ગ્રંથ કિયે અબ શુદ્ધાદ્વૈત સો
યહ જો માયોપાધીવિનાં કાર્યકારણભાવ હોયકે હુ પ્રપં-
ચકો બ્રહ્મકે સંગ અભેદ ॥ યાકો ફલિતાર્થ યહ જો સબ
ગ્રંથ કરિકૈં શુદ્ધાદ્વૈત જ્ઞાન સહિત પુષ્ટિ ભક્તિમાર્ગ આપને

---

૧ શુદ્ધાદ્વૈતકો યથાર્થસ્વરૂપ નિરૂપણ સવિસ્તર મેનેં વેદાંત-
ચિ તામણિ પ્રભ્રતિનમેં કિયો હૈ તહાં દેખનો.

પ્રવૃત્ત કિયો યાહીતેં ભક્તિમાર્ગસર્વમાર્ગવૈલક્ષણ્યાનુ-
ભ્રુતિકૃત્ય યે સર્વોત્તમજીમેં આપકો નામ હૈ ॥ શંકા ॥
ટીકાગ્રંથ કરનો તો ગૌણકાર્ય હૈ ઔર મુલગ્રંથ કરનો તો
મુખ્યકાર્ય હૈ તો હુ ટીકાગ્રંથકર્તૃત્વ પ્રથમ નિરૂપણ કર્યો
કિયો ॥ પ્રત્યુત્તર ॥ ટીકાગ્રંથ નો વ્યાસસુત્રકો ભાષ્ય સો
કિયે વિના આચાર્ય પદવી નહી મિલે તાતેં આપ પુષ્ટિ-
પથાચાર્ય હૈં યહુ સુચનાર્થ હી પ્રથમ ટીકાગ્રંથ કર્તૃત્વ
આપકો નિરૂપણ કિયો યાહીતેં સર્વોત્તમજીમેં ॥ ભક્તિ-
માર્ગોઽન્યમાર્ગેભ્યઃ ॥ યહુ આપકો નામ હૈ ॥ ૬ ॥ અબ
જ્ઞાનકાર્ય નિરૂપણ કરિકૈં યશોદા નિરૂપણ કરતહૈં ॥

रसिकरसना रसिकवाणी जाणी नर नवखंड ॥
ऊर्ध्वपंथा सुजस पसऱ्यो वाधियो ब्रह्मांड ॥ ७ ॥

॥ રસિક ॥ સો રસભોક્તા પ્રભુ તિનકી ॥ રસના ॥ સો
વેદરૂપ વાણી તાકે રસકરિકૈં યુક્ત સો ॥ રસિક ॥ એસી

---

૧ ભક્તિમાર્ગ સર્વ માર્ગનતે વિલક્ષણતાકો અનુભવ કરાયવેવારે શ્રીમહાપ્રભુજી હૈ.

૨ ભક્તિમાર્ગરૂપકુમાર્ગકે વિકાસ કરિવેવારે સુર્ય આપ હૈં.

જો ભાષ્યસુબોધિન્યાદિરૂપં ॥ વાણી ॥ સો નવખંડાત્મક જો પૃથ્વી તાકે વિષેં સબ ॥ નર ॥ જે મનુષ્ય તિનનેં ॥ જાણી ॥ સો જની એબ નવખંડાત્મક પૃથ્વી કહી સમ-દ્વીપાત્મક નહી કહી તાકો કારણ તો પ્રથમાધ્યાનકે વ્યા-ખ્યાનમેં લિખ્યોહે ઔર ॥ સરવેનવખંડ ॥ એસો હુ પાહહે તાકો અર્થ ઔર ટીકાનમેં લિખ્યોહે અથવા વહુ વાણી કેસીહે ॥ નવખંડ ॥ નવ સો નવીન ઉત્પન્ન ભયે એસે જે માયાવાદાદિ મત તિનકી ખંડ સો ખંડનૂ કરન-હારી ॥ શંકા ॥ પ્રથમ તો પ્રભુનકેં રસરૂપ કહે ઔર અબ રસભોક્તા કેસેં કહે ॥ પ્રત્યુત્તર ॥ બ્રહ્મ તો વિરૂદ્ધ ધર્મા-શ્રય હે ઔર બ્રહ્મતેં બુદ્ધિ કચ્છુભી હે નહી ॥ યાતેં રસ હુ બ્રહ્મ હે ઔર રસભોક્તા હુ બ્રહ્મ હે યહ અભિ-પ્રાય કઠવલ્લી બૃહન્નારાયણ ભૃગુવલ્લ્યાદિક ઉપનિષદનમેં નિરૂપણ કિયોહે ॥ ઔર શ્રીમદ્ભાગવતમેં હુ પટ્ટસ્કંધમેં ॥ નહિવિરોધઉભયંભગવત્યપરિગણિતગુણગણેઽચિન્ત્ય-

---

૧ અગણિત હેં ગુણસમુહ જીનકે એસે ઔર અત્યંત દુર્જ્ઞેય હે માહાત્મ્ય જીનકે। એસે જે સર્વસમર્થ ભગવાન્ તિનકે વિષેં શીતોષ્ણત્વાદિક દોઇ તરહુકે ધર્મ વિરૂદ્ધ હોત નાહીં.

ગાહમાંહાત્મ્યે ॥ યા ગદ્યમેં નિરૂપણ કિયોહૈ ॥ યાતેં રસિક યહ કહ્યો સો યુક્ત હૈ ॥ અથવા ॥ રસિક જો પ્રભુ તિનકી[1] રસના સો આસ્વાદ પ્રાપ્ત કરનહારી ઇતને ભક્તિરસ પ્રાપ્ત કરનહારી એસી જો ॥ રસિકવાણી ॥ રસિક સો કૃષ્ણપ્રેમામૃતરસભરિત જો શ્રીમહાપ્રભુજી તિનકી વાણી અથવા રસ જો પ્રભુ તિનકે ભોકતા સંગ-લીલાનુભવ કરનહારે સો ॥ રસિક ॥ જો ભક્ત તિનકી રસના ॥ જો જીવા તાદ્વારા રસિકવાણી જો શ્રીસુબોધિ-ન્યાદિક તિનકો નવખંડકે વિષે સબ મનુષ્યનનેં જની અબ યાકો ફલિતાર્થ યહ જો આપકો યશ ભક્તનકે મુખદ્વારા સબ પૃથ્વીમેં ફેલ્યો ॥ અબ ભૂમિકે વિષે

---

૧ રસના શબ્દ બાહુલક સિદ્ધકરણાર્થ કર્યુચપ્રત્યયાત હૈ તાકો ઇહાં કેવલ યૌગિક અર્થ લિયોહૈ

૨ શ્રીમહાપ્રભુનકો સ્વરૂપ ભગવત્પ્રેમરૂપ અમૃત રસસો ભરિત હૈ સોહી રાસપ્રોક્તીમે શ્રીગુસાઇજીને નિરૂપણ કિયોહૈ

૩ અર જો ભગવદનુગ્રહસોં જીવ પ્રભુનકે સંગ લીલાનુભવ કરતહૈં સો બ્રહ્મસંબંધી પ્રભૃતિનમે નિરૂપણ કિયોહૈ.

આપકો યશ કૈસો હૈ યહ કહ્યો આપકો ભાત નહીં હૈ તાતેં હું યશ અધિક હૈ સો નિરૂપણ કરત હૈ ॥ ઊર્ધ્વપંથાસુજસપસર્યો ॥ ઊર્ધ્વ સો આકાશમેં હૈ પંથ સો માર્ગ હૈ ઐસે જે સ્વર્ગાદિક સબ લોક તહાંતાઈ આપકો સુજસ પસર્યો સો કૈસો અબ કેવલ યશ નહીં કહ્યો ઔર સુજસ કહ્યો તાકો અભિપ્રાય યહ જો ॥ ઔરકો યશ તો કાલાંતરકરિકે ક્ષીણ હોત હૈ ઔર આપકો યશ તો અનંત હૈ ॥ ઔર સુજસ થયો ઐસેં નહીં કહ્યો ઔર પસર્યો યહ કહ્યો તાકો અભિપ્રાય યહ જો નવીન યશ હોય તો થયો ઐસેં કહે પરંતુ આપકો યશ તો અનાદિ વેદવર્ણિત હૈ તાતેં અનાદિસિદ્ધ હૈ ॥ અબી તો યાકો ઐસાર આત્ર ભયો ॥ યાકો ફલિતાર્થ યહ જો આપકો યશ નિત્ય હૈ ॥ નિત્યસો જાકો આદિહુ નહોય ઔર અંત હુ ન હોય તેસો આપકો યશ હૈ યાહીતેં ॥ ઊર્ધ્વપંથાસુજસપસર્યો યહ કહ્યો ॥ શંકા ॥ શ્રીવલ્લભાચાર્યજીકો વર્ણન કહું વેદમેં નહીં હૈ તો હુ વેદવર્ણિત યશ કૈસો હૈ તાકો કારણ કહો ॥ સમાધાન ॥ શ્રીવલ્લભાચાર્યજી ભગવન્મુખારવિંદાધીષ્ઠાતા અગ્નિ હૈ યહ તો

પ્રથમ પ્રતિપાદન કિયોહે તાતેં વેદમેં જહોં જહોં ભગવન્મુ-
ખારવિંદકો ઔર અગ્નિકો વર્ણન હે સો સબ શ્રીમહાપ્રભુ
નકો વર્ણનહે ॥ અથવા ॥ જેસેં લૌકિકમેં દેહ ભિન્ન ઔર
દેહાભિમાની જીવ ભિન્ન તેસેં દેહ પ્રભુનકે શ્રીઅંગમેં
નહીં હે ઔર જેસેં ચરણ અધમ અંગ ઔર મસ્તક
ઉત્તમ અંગ તેસેં ઉત્તમોત્તમ ભાવ હુ પ્રભુનકે શ્રીઅં-
ગમેં નહીંહે ભગવદંગ તો સબ ભગવદ્રૂપ હિં સો વેદમેં
નિરૂપણ કિયો હે ॥ તાતેં શ્રીમહાપ્રભુજી ભગવન્મુખા-
વિંદ સો ભગવદ્રૂપ હેં તાતેં સબ વેદાદિકમેં વર્ણન
આયકો લી હે યાહીતેં હરિવંશમેં ॥ વેદેષ્વંગેષુ ચૈવ
પુરાણેષુભારતેતથા ॥ આદાવંતેચમધ્યેચહરિઃસર્વત્રગીયતે
ચહ કહ્યો હે ઔર શ્રીમહાપ્રભુનકે પ્રતિપાદક અનેક

---

૧ પ્રકાશકપ્રકાદિ ઉપનિષદનમેં જેસે લૌકિક દેહ બાહેર
બીનવસ્તુ નગરો રસસમૂહરૂપ હોય તેસે ભગવદ્વપુરૂપ બાહેર
બીનવસ્તુ નગરો પ્રશાનધનહે એસે કહ્યોહે

૨ વેદ રામાયણ પુરાણ ભારત ઇન સબનમેં આદમેં સમા
પ્તિમેં ઔર બીચમેં સબ જગે હરિકો જનવાનકો હી ગ્રંથમાન
કિયોહે

શ્રુતિવાક્ય હું શ્રુતિરહસ્યોદિક ગ્રંથનમેં લિખે હૈં યાતેં વેદવર્ણિત હમનેં કહયેાં સેા યુક્ત હૈ ।। અબ પૃથ્વીસેાં લેકેં ઉપરકે સબ લેાકમેં વ્યાપકેા યશ કહયેા પરંતુ સાંત અધેા લેાકમેં યશ નહીં કહયેા હેાયગેા યા શંકાકેા નિવારણ કરતહૈં ।। બાહિયેાબ્રહ્માંડ ।। સબ બ્રહ્માંડ પર્યંત યશ બઢયેા યાતેં સેાત નીચેકે લેાક હું આય ગયે ।। અબ પ્રથમ ઊર્ધ્વ લેાકનમેં સુજસ કહયેા યહ સુચન કિયેા ઔર પાછેં અધેા લેાકમેં સુચન કિયેા તાકેા અભિપ્રાય યહ જે ઊર્ધ્વલેાક તેા સબ ઐંતરિક્ષમેં હૈ ઉનકે આડેા કછુ વ્યવધાન નાહીંહે તાતે પ્રાકટ્ય ભયેા તમસેાં હી પુર્ણચતારકે સબ ચંદ્રિકે ઊર્ધ્વ લેાક વાસિનકેાં દર્શન ભયે ।। યાતેં પ્રથમ સુજસ ઉહાં કહયેા ઔર અધેા લેાકમેં શેષાદિકનકેાં તેા જંબ પાખંડ મતકેા ખંડન કરિકે પૃથ્વીકેા ભાર ન્યુન કિયેા ઔર ચરણારવિંદકે સ્પર્શસેાં પૃથ્વીકેાં શીતલ કરી તબ આપકે ચરિત્રકેા અનુભવ ભયેા યાતેં અધેા લેાકમેં પીછેં યશ કહયેા યહ સુચન કિયેા ।। અથવા શ્રીમહાપ્રભુજી અગ્નિરૂપ હું ઔર પૃથ્વી ગંધવતી હે તાતેં ઇનિ દેાનેાનકે સંગસેાં

યશ કેહ્યો. સો. સુગંધ ધુમડ્યો કે-યહ સૂચનાર્થ. પ્રથમ
ઊર્ધ્વ લોકમેં. સુગંધ કેહ્યો. યહ કહ્યો. ॥ અબ. જેસે
સુગંધયુક્ત ધુમ કે-સો ઓરકું લગતહે. તાકો હું સુગંધ
યુક્ત કરતહું. તેસે આપકે હું યશકો. જો જાન હુવે તાકો
હું યશ કેહેત હું. ઓર ધુમ જેસે પ્રથમ ઊંચો જાત હે
ફેર અધીક હોતહે તબ નીચે કેહત હે. તેસે સુગંધસું હું
ઊર્ધ્વ લોકમેં કેહતું અધો લોકમેં કેહ્યો ઓર જેસે
ચંદનાદિ સુગંધ પદાર્થકો અગ્નિસોં સંયોગ હોતહે તબ
સબનકો સુગંધ સુખ અગ્નિ દેતહે ॥ ઓર યા સુગંધ
પદાર્થકું આપરૂપ કરતહે તેસે શ્રીમદાત્મપ્રભુનને હું
પૃથ્વીકું આપકે અંશકું સ્પર્શ કરાયકે સ્વર્ગાદિસોંપર્યંતકી
આપરૂપ કરી ॥ ઓર પૃથ્વીમેં પધારે પીછે અબ
યશરૂપી સુગંધ સુખ સબનકું દેતહે ઇત્યાદિક જેનેક
અભિપ્રાય સૂચન કરિવેકું પ્રથમ ઊર્ધ્વ લોકમેં સુગંધકો
પ્રસાર સૂચન કિયો ॥ ઓર યશકું સુગંધરૂપના તો
વેદમે નિરૂપણ કીનોહે ॥ ૭ ॥ અબ શ્રીમદાત્મપ્રભુજી તો

---

૧ તૈત્તિરીયશાખાકે નારાયણોપનિષદમેં ॥ જેસે આકીરીત
પુષ્પપુષ્પાવૃક્ષકો. દુરસું સુગંધ આવેહે તેસે પુરૂષકેભી હું
સુગંધ દુરસું આવેહે એસે કહ્યોહે

પુર્ણપુરૂષોત્તમ હેં સો આપકે તો એક એક રોમરંધ્રમેં અનેક બ્રહ્માંડ ફિરતહેં સો શ્રીમદ્ભાગવત દશમસ્કંધ પુર્વાર્ધમેં બ્રહ્મસ્તુતિમેં ॥ કવેંદગ્નિધાવિગણિતાંડપરાણુ-ચર્યાવાતાધ્વરોમવિવરસ્યચતેમહિત્વમ્ તથા ઉત્તરાર્દ્ધમેં હુ વેદસ્તુતિકે અધ્યાયમેં ॥ ૐવિરજાંસિવાંતિ યા શ્લોકમેં નિરૂપણ કિયોહે તથા ઔર હુ અનેક સ્થલમેં નિરૂપણ કિયોહે તાતેં ॥ એક બ્રહ્માંડમેં આપકો યશ ફેલ્યો યહ કછુ અધીક નહોંહે યાતેં ઔર હુ અધીક નિરૂપણ કરતહેં ॥

एकब्रह्मांडें जेना जस न माया तेना हुवां कोटि अनंत ॥ तोए त्यांथकी वाधियो जई वस्यो सुख धीमंत ॥ ८ ॥

---

૧ હેપ્રભુ ઐસે અગણિત બ્રહ્માંડરૂપરમાણુનકે ઉડિબેકેલિયે ગવાખરૂપ જીનકે રોમરંધ્ર હેં ઐસે જે આપ તિનકો મહિમા કહાં ઔર મેં કહા ઐસેં બ્રહ્માજીનેં બીનતી કરીહે.

૨ જેસેં આકાશમેં સુક્ષ્મ રજ સદા ઉડયો કરેહે તેસે પ્રભુનકે રોમરૂપકે બીચર અનેક બ્રહ્માંડ ઉડયો કરતહે.

અપ ॥ જેના ॥ સો જીન શ્રીમહાપ્રભુનકે યશ ॥ એકબ્રહ્માંડે ॥ એક બ્રહ્માંડકે વિષે ॥ નમાયા ॥ નહી સમાયે ॥ તેના ॥ તિનકે સોં યશકે ॥ કોટિઅનંત ॥ કોટિ જે સો લક્ષ સો હુ એક હોં નહી ॥ અનંત ॥ જીનકો પાર નાંહીં ॥ ઇતને અનંતકોટી બ્રહ્માંડ આપકે યશકી સ્થિતીકે અર્થ ભયે ॥ અથવા ॥ અનંત જે આકાશ તે કોટિસંખ્યાંક ભયે ॥ યાકો ફલીતાર્થ યહ જે એક બ્રહ્માંડમેં એક હી આકાશ હોતહે તાતેં અનેક આકાશ કહે ॥ તે સબ આપકે યશકે પાત્ર ભયે યહ સુચન કિયો ॥ શંકા ॥ બ્રહ્માંડમેં તો અનેક પદાર્થ હેં તો હુ આકાશકો અનંત કહયો તાકો કહો કારણ ॥ મત્યુત્તર શબ્દ આકાશકો ગુણ હે ઔર શબ્દદ્વારા હી યશ પ્રકટ હોતહે તાતેં કોટી અનંત યહ કહયો તાકો કારણ યહ જે આકાશ અનંત હે તે હુ અનંત સંખ્યાક ભયે તો હુ આપકે યશકો અંત આયો નાંહીં ॥ અપ સબ સ્વરોમવિવરસ્થ બ્રહ્માંડમેં આપકો યશ બઢયો યે હુ કછુ અધિક બાત નાંહીં કયોં જે આપ તો પુરૂષોત્તમ હેં તાતેં આપકે શ્રીઅંગમેં હી આપકો યશ રહયો તામેં અશ્ચીકતા કહા

ભયી તાતેં ઔર હુ = અધીક હે સોઈ સ્પુટ કરત હેં ॥ તોઉત્યાંથકિવાધિયો ॥ અનંત આકાશ યશકેં પ્રાપ્ત ભયે તોય .તો હુ ત્યાંહાંથકી સો અનંત બ્રહ્માંડનતેં.. યશ વાધીયો બઢયો ॥ સો. કહાં રહયો સો કહતહેં ॥ જંટવસ્યો મુખથીમંતા ધીમંત જે [1]અલૌકિકહે ધી સો બુદ્ધિ જનકી ॥ એસે જે લીલાસ્થ ભક્ત તિનકે મુખમેં જયકેં યશ ભસ્યો ॥ યાહેા ફલીતાર્થ યહ જે લૌકિકમેં અલૌકિકમેં સભ ઠિકાનેં આપકેા યશ ફૈલ્યો ॥ શંકા ॥ ઔર ટીકા-કારનને તો ધીમંત જે વ્યાસાદિક એસો અર્થ કિયોહે ઔર યુક્ત હુ એસેં હી દીખતહે કયેાં જે પુરાણાદિ-કનમેં આપકેા વર્ણન હે તથાપિ તુમ લીલાસ્થ ભક્ત યહ અર્થ કાહેકેા કરતહેા ॥ પ્રત્યુત્તર ॥ યદ્યપિ વ્યાસાદિક ધીમંત હેં ઔર પુરાણાદિકનમેં શ્રીમહાપ્રભુનકેા વર્ણન હુ કિયોહે તથાપિ યહ સભ બ્રહ્માંડકે ભીતર હે ॥ ઔર મુલમેં તો તોઉત્યાંથકિવાધીયો એસેં કહયોહે ॥ યાંતેં બ્રહ્માંડતેં બાહિર કછુ યહિયે સો બાહિર તો ગૌલોક

---

૧ ધીમંત શબ્દમેં મતુપ્પ્રત્યય પ્રાશસ્ત્યરૂપ અર્થમેં હે ઔર પ્રશસ્ત સો અલૌકિક.

હૈ ॥ ઔર વામેં તેા ધીમંત લીલાસ્થ ભક્ત હૈં સેા આપકે યશકેા ગાન કરતહૈં ॥ સેાઈ શ્રી ભાગવત દશમસ્કંધે પુર્વાર્દ્ધમેં ॥ અક્ષણ્વતાંફલમિદંનપરંવિદામઃ ॥ યા શ્લેાકમેં નિરૂપણ કિયેાહૈ ॥ શંકા ॥ યા શ્લેાકમેં વલ્લભાચાર્યજીકેા યશ કહાં હૈ ॥ પ્રત્યુત્તર ॥ યા શ્લેાકમેં વક્ષંત્રજેશસુતયેાઃ ॥ ઐસેં કહ્યે હૈ તાસુ યા શ્લેાકમેં મુખ્ય ઉદ્દેશ શ્રીમુખકેા હૈ ॥ ઔર શ્રીવલ્લભાચાર્યજી શ્રીમુખ હૈં યાતેં યામેં વર્ણન આપકેા હી હૈ ॥ ઔર

ગાવસ્તુફેણમુખનિર્ગતવેણુગીતપીયુષમુત્તભિતકર્ણપુટૈ

---

૧ વેણુગીતમેં વ્રજભક્તનકેા વચન હૈ જો સર્વ પ્રકારસું ભગવત્સંબંધ સેાહી ઇંદ્રિયવાન્‌કેા ફલ હૈ ઔર કછુ હમ નહિ જાનેં.

૨ વ્રજેશ જો શ્રીનંદરાયજી ઇનકે પુત્ર જે પ્રભુ ઔર ભાવદેવજી વે જબ ગાયનકે પિછાડી અનુરાગેાપનકું આગેં કરિકૈં પાછેં પધારતહૈં તબ અનુરાગસહિત કટાક્ષનતેં યુક્ત ઔર વેણુસહિત ઐસેા જો ઉન દેાઉનકેા મુખારવિંદ તાકેા આદર સહીત દર્શન કરનેા યહ હી નેત્રકેા પરમ ફલ હૈ યહ અર્થ ગુણેાધિનીજીમેં તથા લેખમે સ્પુટ હૈ.

૩ ભાગવ-મુખારવિંદમેસુ નિકસ્યેા ઐસેા જો વેણુનાદરૂપ અમૃત તાકેા ગાયેં નિશ્ચય ઉંચે કાન કરિકૈં પાન કરતહૈ.

LIBRARY

પિબંત્યઃ ॥ યા શ્લોકકે શ્રીસુબોધીનીજીમેં હુ યહ તાત્પર્ય સ્ફુટ દીસતહે યાતેં હમનેં એસો અર્થ કિયોહે ॥ ॥ ૮ ॥ અબ યશકો નિરૂપણ કરિકેં તેજકો ઔર પ્રતાપકો વર્ણન કરત હેં ॥

અતૂલ અમલ ઉદ્યોત ઉદયો ભૂતલ દ્વિજમાર્તંડ ॥
ભક્તિમારગ કેસરી ગજ માયિકમત શતખંડ ॥૯॥

અબ શ્રુતકે વિષેં આપ ॥ માર્તંડ ॥ જો સુર્ય તાજેસે ઉદય ભયે ॥ યાકો ભાવાર્થ યહુ જો પ્રાચી દિશાતેં સુર્ય ઉદય હોતહે પરંતુ કછુ પ્રાચીસોં ઉત્પન્ન નહી હોતહે તેસેં આપ હુ દ્વિજકુલમેં પ્રાદુર્ભુત ભયે હેં ॥ અથવા ॥ દ્વિજ ॥ જો ચંદ્ર ઔર ॥ માર્તંડ ॥ જો સુર્ય તેસે આપ હેં ॥ અબ ચંદ્ર સુર્ય નો લૌકિક હેં યાતે આપકેં લૌકિકતુલ્યતા આઈ તાકો નિવારણ કરતહેં અબ આપ કેસે હેં ॥ અતુલ ॥ સુર્યચંદ્રકે તેજસ્વી હુ આપકો તુલના નહીહે યાહીતેં ગીતાજીમેં ॥ દિવિસુર્યસહસ્રસ્યભવેદ્યુગ-

---

૧ જો આકાશમેં હજાર સુર્યનકો તેજ એકસંગ ઉદય પાવે તો પ્રભુનકે તેજકે કછુક સદ્રશ કદાચિત કહ્યો જાય.

પંહુત્થિતા ।। યદિભાઃ સદૃશીસાસ્યાદ્ભાસસ્તસ્યમહાત્મનઃ ।।
યહ નિરૂપણ કિયોહે ।। ઔર આપ કૈસે હૈં ।। અમ્ભ ।।
સૂર્યચંદ્રમાં તો મેરા બહુ યહ સબ મણિન કરતહૈં ઔર
આપ તો સર્વ આપ સોં રહિત હૈં ।। ઔર આપ કૈસે હૈં ।।
દ્યોત ।। સો અલૌકિક તેજરૂપ આપકે તેજસોં હી સબ
તેજસ્વી હૈં સોઇ કઠમંડકોપનિષદમેં નિરૂપણ કિયોહૈ ।।
તથા શ્રીગીતાજીમેં હુ આપનેં આજ્ઞા કરીહૈ ।। યદા-
દિત્યગતંતેજોજગદ્ભાસયતેખિલં ।। યચ્ચંદ્રમસિયચ્ચાગ્નૌ-
તત્તેજોવિદ્ધિમામકં ।। યા શ્લોકમેં ।। અમ સૂર્યકી
ઉપમા દીની તાકો ભાવાર્થ યહ હો જૈસેં સૂર્ય આંધકારકોં
મિટાવતહૈ સબનકોં પ્રકાશ કરતહૈ કમલકો વિકાસ કરતહૈ
ઉલ્લુકોં ગતિહીન કરતહૈ તૈસેં આપ હુ માયાવાદકો

રૂ યા ભગવદ્ધામમેં સૂર્યચંદ્રતારાં ઔર વિદ્યુત યહ કોઇ પ્રકાશ
નહિ કરિસકેં તબ યે અગ્નિ તે કહાધું પ્રકાશ કરે કયોં હો
યહ સબ પ્રભુનકે પ્રકાશસું હી પ્રકાશવાન હોતહૈ.

૨ જો તેજ સૂર્યમેં રહિકેં આખે જગતમેં પ્રકાશ કરતહૈ
ઔર જો ચંદ્રમેં તેજ હૈ ઔર જો અગ્નીમેં હૈ હે અર્જુન સો
સબ મેરો તેજ જાન.

નાશ કરતહૈં ॥ શુદ્ધાદ્વૈત વેદાંતકો ઉપદેશ કરિકૈં હૃદયમેં પ્રકાશ કરતહૈં ભક્તનકોં દર્શનમાત્રસોં પ્રફુલ્લિત કરતહૈં બહિર્મુખનકોં ગતિહીન સો પરાસ્ત કરતહૈં ॥ ઇત્યાદિકૈં અનેક અભિપ્રાયસો સુર્યકી ઉપમાદીની ॥ ઔર શીતલત્વાદિક ધર્મ સુચન કરિવેકોં ચંદ્રકી ઉપમાદીની ॥ અબ તેજકો નિરૂપણ કરિકૈં પરાક્રમકો નિરૂપણ કરતહૈં ॥ ભક્તિમાર્ગકેસરી ॥ ભક્તિમાર્ગ જો પુષ્ટિમાર્ગ તાકેવિષેં આપ કેસરી જો સિંહ તાજેસે હૈં યાહીતેં ॥ ગજમાયિક-મતશાનખંડ ॥ માયિકજો માયાવાદિ તિનકો મત જો સિદ્ધાંત તાકૂપી ગજ જો હસ્તી તાકે શત સોં અનેક ખંડ સો ટુક કિયે ॥ અબ ભક્તિમાર્ગ કેસરી ઐસેં કહ્યો તાકો ભાવાર્થ યહ જો જૈસેં સિંહ જો માર્ગમેં હોતહૈ તહાં હસ્તિપ્રભૃતિ ઔર કોઉ નજીક હુ નહી આવતહૈ તૈસેં પુષ્ટિમાર્ગમે આપકે પ્રતાપસોં કોઉ દુઃસંગરૂપ પશુ નજીક હુ આયનહીં સકતહૈ તબ બાધા તો કહાંસો કરિસકે ઔર સિંહ જૈસેં ઔરકી અપેક્ષારહિત અકેલો હી પરા-ક્રમ કરતહૈ તૈસે આપ હુ કેવલ પ્રતાપમાત્રસોં સબ કાર્ય કરતહૈં ઇત્યાદિ અનેક અભિપ્રાયસોં ભક્તિમાર્ગ-

કૈસરી યહ કહ્યો ॥ અથવા ॥ માયિક ॥ જો માયા-
વાદી તે હી ગજરૂપ તિનકો ॥ મન ॥ જો સિદ્ધાંત, તાકો
આપનેં ખંડન કિયો ॥ અબ માયાવાદીકેં ગજરૂપ
કહે તાકો અભિપ્રાય યહ હે જેસે ગજ-
પશુ હે તેસેં માયવાદી હુ પુજ્ય દેવતા સ્વરૂપકેં સિદ્ધ
દશામેં મિથ્યા માનત હેં તાતેં પશુ હેં સોઈ અભિ-
પ્રાય વેદમેં નિરૂપણ કિયો હે ઔર જેસેં હસ્તી હુ
પદાર્થ દેખત હે ઔર સમીપકો પદાર્થ નહી દેખત હે
તેસેં માયાવાદી હુ અપનો આત્મા જો બ્રહ્મ તાકો
સ્વરૂપ નહી જનતહેં ઔર શાસ્ત્રસોં હુવ જો દુનકૅ
તિનકેં દેખત હેં ઔર હસ્તી જેસે પ્રથમ સ્વચ્છ હોતહે
તોહુ પાછે અપનેં માથેમેં ધુર ડારત હે તેસેં માયા-
વાદી હુ સ્વચ્છ બ્રાહ્મણ કુલમેં ઉત્પન્ન હોતહેં ॥ વેદ-
શાસ્ત્રકો અધ્યયન કરતહેં તોહુ માયાવાદરૂપી ધુરસોં
આપ મલિન હોતહેં ઇત્યાદિક અનેક અભિપ્રાયસોં
માયાવાદિનકેં ગજરૂપ કહે અબ એસે આપ હે યાહીતેં

---

૧ બ્રહ્મારણ્યમેં.

सर्वोत्तमजीमें ॥ [1]मायावादनिरांकर्त्ता येहु आपको नाम
हे ॥ और सप्तश्लोकीमें हु श्रीविठ्ठलनाथजीनें माया-
वाद [2]करीद्रदर्प दलनेन ॥ या श्लोकमें येही अभिप्राय निरू-
पण कियोहे ॥ शंका ॥ तुमनें कहीं जे पुष्टिमार्गमें आपके
प्रतापसेंं दुःसंगरूप-पशु नजीक हु आय नही, सकत हे
परंतु पुष्टिमार्गमें आये हें तिनकेां अनेकनकेां दुःसंग
भयेा दीखतहे ॥ प्रयुत्तर ॥ सिंहके समीप अंतरायरहित
जे रहेहे तातें और पशुनकी बाधा नहीं होतहे तेसें आ
पकेांहु जे हृदयमें राखे तातें दुःसंग बाधा नही करतहे
और बहिर्मुख हें तिनकेां दुःसंग बाधा करतहे यातें
हमने एसें कहयेा सेा युक्त हे ॥ याकेा कृतितार्थ यह
जे श्रीमहाप्रभुनकेा निरंतर ध्यान स्मरण करे ताकेां
दुसंग नही लगतहे ॥ ६ ॥ अब मायावादकेा हु खंडन
करियेा यह कछु अधीक बात नहीहे तातें याहुतें अधीक
निरूपणु आधी तुकसेां करत हें ॥

---

१ श्रीमहाप्रभुजी मायावादके खंडन कर्ता हें

२ मायावादरूप भडे हाथीके गर्व मिटायबे प्रभुंती कार्यनतें आप निरूपमहे.

दिग्विजय दशादिशायें-कीधो परिक्रमानें व्याज ॥

॥ परिक्रमा ॥ 'जे पृथ्वीपरिछेमां' ताड़ो ॥ व्याजें ॥ सो मिषमात्र छे ॥ ह्यों जें 'अपूर्ण' होय ओर 'इच्छी' आं-क्षा करंत होय सो 'परिक्रमा' करे ॥ ओर आप तो पुर्ण पुरुषोत्तम 'हें' अकांक्षारहित छें तोसों प्रदक्षिमाद्रा नो मिष छे ॥ तो द्वारा दशादिशानदों आपनें विजय कियो ॥शंका॥ चार दिशा पुर्व दक्षिण पश्चिम उत्तर ओर चार विदिशा सो आठ ॥ आग्नेय नैर्ऋत वायव्य ऐशान इनि 'आठ दिशानमें' तो सभ पतितनदो कियें कियो सो ठीक छे ॥ परंतु अंतरिक्ष ओर अधो लोकदे विषे दिग्विजय केसे सभवे ॥ प्रत्युक्त ॥ अंतरिक्ष दिशाको स्वामि वायु छे सो वेदमें निरूपण कियोहे ओर वायुदो अवतार मध्वाचार्य छें तिनदों आपनें जीते ओर अधो लोकमें मुख्य शेष छे तिनदो अव-तार रामानुजाचार्य छे तिनदों हु आपनें जीते यातें ॥

---

* १ तैत्तिरीय शाखामें वायु अन्तरिक्षको अधिपति छे ऐसे कह्यो छे.

દિગ્વિજય દશ દિશાયેં પ્રાપ્તો, યહ નિરૂપણ કિયો સોં યુક્ત હે અબ પરિક્રમાકે મિષસોં આપનેં દોય કાર્ય કિયે હું તાતેં, દિગ્વિજયરૂપ એક, કાર્યકો નિરૂપણ કરિકેં દુસરે કાર્યકો નિરૂપણ આગ્રી તુકસે કરતહે.॥

તીરથ સકલ સનાથ કીધાં ચરણરેણુસમાજ ॥૧૦॥

॥ સકલ ॥ સો સબ ॥ તીરથ ॥ તિનકોં ॥ ચરણરેણુસમાજ ॥ જે ચરણારવિંદકી રજકો સમુહ તાકરિકેં ॥ સનાથ ॥ સો કૃતકૃત્ય કિયે ॥ અથવા ॥ નાથ જે અધીદેવતા તિનતેં સહિત સો ॥ સનાથ ॥ એસે જે તીર્થ તિનકોં ॥ સકલ ॥ સો કલાસહિત કિયે યાકોં ભાવાર્થ યહ જે અનેક પાતકીનકે પાતકકે સંબંધસોં સબ તીર્થ કલાહીન હોય રહે હતે ॥ તિનકોં ચરણરજ કરિકેં કલાસહિત કિયે ॥ યાતેં ચરણ રજકો અલૌકિકત્વ દોતન કિયો કર્યો જે લૌકિક રજસોં તો સબ પદાર્થ મલિન હોતહે ઔર આપકી ચરણરજસોં તો તીર્થ કલાહીન હતે સો કલા-યુક્ત ભયે યાહીતેં ॥ તીરથસકલસનાથ કીધાં ॥ યહ નિરૂપણ કિયો અબ તીર્થનકોં પાતકીનકે પાસસોં મલિનતા આવતહે સો તો શ્રીમદ્ભાગવત નવમસ્કંધમેં ભગી-

रथं राजसों श्रीगंगाजीने आज्ञा श्रीनीहे ॥ नरामर्थ्यो-
मूजंत्यर्थम् ॥ या प्रलोकमें ॥ हेर-भगीरथनें कही जो
सोंधेचोन्यासिनःशांताश्चहिष्टालोकपावनाः॥ हरंत्यघं तेंग-
संगातेष्वास्तेहयवभिद्धरिः ॥ ओर अथभस्कंधमें युधी-
ष्ठिरने विदुरजीप्रति कह्यो। हे तीर्थीकुर्वंति तीर्थानि-
स्वांतःस्थेनगदाभृता ॥ याको फलितार्थ यह जो साधु जो
भगवद्भक्त तिनके हृदयमें प्रभु विराजतहें तातें सब
तीर्थनके पाप वे धोवतहें [1] ॥ अब आपके भक्तनको
ऐसो प्रताप हे तब आप पधारें तासुं तीर्थ
निर्मल होय यामें आश्चर्य कहा ॥ १० ॥ ऐसें सन्मुख
आये जे पंडित तिनकों सबनको ज्ञते सो वर्णन करिकें

---

१ मनुष्य मात्रविषें पाप धोवे हें

[2] और जो शांत ब्रह्मनिष्ठ जगत्को पवित्र करिवेवारे सत्पुरुष
तार शमार स सर्गसो तुमभेते पाप दुर करेग जाते सब
करिवेवारे प्रभु तिनमें बीरजे हे.

---

* १ तैक्तिभनमे निराजते ऐसे जे प्रभु तिन करिकें सत्पुरुष
कहयेजो हुतीर्थ करत हें अर्थात पवित्र करत हे.

अब ग्रंथद्वारा जीते सो निरूपण करतहें ॥ अब श्रीमहाप्रभुजी काशिमें विराजते हुते तब अनेक पंडित आयके वाद करत हुते यातें भगवदिच्छा तथा सेवाको प्रतिबंध होत हुतो ॥ यातें पत्रावलंबन ग्रंथ करिके विश्वेश्वर महादेवजीके मंदिरमें चोहोटायो ॥ और डोंडी बजाइ के यह ग्रंथ बांचे पिछें शंका जाके मनमें रहे सो हमारे पास आवे फेर तो यह ग्रंथ बांचके हि अनेक पंडित परास्त भये सो आधी तुकसों निरूपण करतहें ॥

पत्रावलंबें पंडित जीत्या मायिक मत्तमातंग ॥

अब ॥ पत्रावलंब ॥ जो पत्रावलंबन ग्रंथ ताकरिके पंडितनकों जीते सो कौनसे पंडित सो कहत हें ॥ मायिक ॥ जे मायावादी तिनकी जे ॥ मत्तमातंग मदोन्मत्त हस्ती ॥ शंका प्रथम ॥ गजमायिकमतशतखंड ॥ यह निरूपण कियोहे ॥ अब फेर जीत्यामायिकमत्तमातंग ॥ यह कयों कहयो ॥ प्रत्युत्तर ॥ प्रथम तो मायिक मतकी जो गज ताको खंडनं कियो ऐसें निरूपण कियो और अब तो मायिक जे मायावादी सो हु मदोन्मत्त हस्ती जैसे हें

તિનકેં પંચદ્રાગ હૈતે યહ નિરપાગુ કિયો યાકેા ભાવાર્થ યહ જે ભક્તહસ્તી હોતહૈ સેા પાંચશ્રી સાંકર તોડકેં ઓરકેા ઘાત કરતહે તાં તેસેં દુરાગ્રહી માયાવાદી હે તે આપકેા જય હોયચેકે લિયે ખિતંડવાદ કરતહેં તિનકેાં હુ આપનેં હૈતે ॥ યહ સુચનાર્થ મત્તમાતંગ યહ કહયેા ॥ યાહીતેં મત્તૈત્તમજીમે ॥ સર્વવાદાનિરાસેકૃત ॥ યહ આપકેા નામ હૈ યાકેા ફલિતાર્થ યહ જે ॥ ભક્તહસ્તી હે સેા અંકુશકેાં તો અર્થા માનત નાહીં ॥ એસે ભાલા ચરખી ઇત્યાદિક અનેક ઉપકરણનસેાં હૈતે। જાનહે ॥ અબ એસે જે માયાવાદી તિનકેાં પત્રમાત્રસેાં હૈતે યહ આપકેા અલેાકિક પ્રભાવ હે યાહી તેં ॥ પત્રાવલ્લ એપ્રતિજ્ઞત્યામાયિકમત્તમાતંગ યહ નિરૂપણ કિયેા તાતે પુનરુક્તિ નહીહે યુક્ત હી હે ॥ અબ હંન સભનકેાં હૈતિકેં કેાનકેા સ્થાપન કિયેા સેા આધી હુકસેાં નિરપણ કરત હેં ॥

શ્રીકૃષ્ણ પૂરણ બ્રહ્મ થાપ્યા જેના રૂપ કોટિ અનંગ।૧૧

॥શ્રી॥ જે સ્વામિન્યાદિક તિન કરિકેં સહિત જે ॥કૃષ્ણા॥

---

૧ શ્રીમહાપ્રભુજી અર્થે વાદનકે ખંડન કરિવેવારે હે

પુર્ણબ્રહ્મ તે શ્રીકૃષ્ણ કહિયે વે કેસે હેં ॥ જેના ॥ છનકે રૂપ ॥ કોટિ ॥ સો અસંખ્યાતે જે ॥ અનંગ ॥ સો કામ તિન જેસે હેં સોહિ શ્રીમદ્ભાગવતદશમસ્કંધ-પુંચાધ્યાયીમેં ॥ સાક્ષાન્મન્મથમન્મથઃ ॥ યા સ્થલમેં નિરૂપણ કિયોહે તથા બૃહદ્રામન પુરાણમેં હુ શ્રુતીનને ॥ કંદર્પકોટિલાવણ્યેત્વયિદ્રષ્ટેમનાંસિનઃ ॥ યા સ્થલકે વિષે નિરૂપણ કિયો હે ॥ ઔર શ્રીકૃષ્ણ પુર્ણબ્રહ્મ હેં સો તો વેદમે તથા શ્રીમદ્ભાગવતમેં ॥ કૃષ્ણસ્તુભગવાન્સ્વયમ ॥ યન્મિનંપરમાનંદંપુર્ણબ્રહ્મ-

---

૧ સાક્ષાત્કામદેવકે હુ કામદેવ પ્રભુ હેં.

૨ યાકો અર્થ પહિલે લિખ્યોહે.

૩ તાપનીયોપનિષદમેં કૃષ્ણ ઐસો સદ્દ શકો નામ હે ઔર ણ ઐસો આનંદકો નામ હે તાતે જે સદાનંદ પરબ્રહ્મ હેં તે હી કૃષ્ણ કહાવતહે ઐસેં કહુયોહે

૪ ઔર સબ અવતારનમેં કિતનેક અંશરૂપ હે કિતનેક કલા-રૂપ હેં ઔર શ્રીકૃષ્ણતો સાક્ષાત્ અવતારી પરબ્રહ્મ હેં.

૫ દશમસ્કંધમેં બ્રહ્માજીનેં કહયોહે જો નંદરાયજી ઔર ગોપ ઔર સબ વ્રજવાસી ઇન સબનકે આહો ભાગ્ય હેં કયો જો પરમાનંદ આનાદિ પુર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણ છનકે મિત્ર હેં.

સનાતનં ॥ ઇત્યાદિક અનેક સ્થલમેં તથા અનેક પુરાણ ઇતિહાસ તંત્રનમેં નિરૂપણ કિયો હે યાકો ફલિતાર્થ યહ જો જો નિત્યલીલાવિશિષ્ટ પુરૂષોત્તમ હું તિનકો હી વેદમેં પરબ્રહ્મ કહતહેં ॥ અથવા ॥ શ્રીકૃષ્ણ એક હેં તો હુ ॥ કોટિ ॥ સો અસંખ્યાતહેં રૂપ જિનકે એસે હેં સોઈ વેદમેં નિરૂપણ કિયો હે ॥ ઔર વિષ્ણુ-સહસ્રનામમેં હુ ॥ એકોનેકઃ ॥ યે દો નામ કહે હેં આપ એસે હેં તો હુ ॥ અનંગ ॥ લૌકિકાકાર રહિત હેં સો વેદમેં નિરૂપણ કિયોહે ॥ ઔર શ્રીગીતાજીમેં હુ સર્વેંદ્રિયગુણાભાસંસર્વેંદ્રિયવિવર્જિતં ॥ યહ નિરૂપણ

---

૧ તૈત્તિરી શાખાકે નારાયણોપનિષદ્કી પાંચમી ઋચામે બ્રહ્મ એક હેં અવ્યક્ત હેં અનંતરૂપ હે એસે કહ્યો હે.

૨ જે આકાર નિષેધક શ્રુતિ હેં તે પ્રાકૃત આકારકો નિષેધ કરતહે ઔર જે આકાર પ્રતિપાદક શ્રુતિ હે તે અલૌકિક આકારકો પ્રતિપાદન કરતહે યા રીતસોં શ્રુત્યર્થ નિર્ણય વ્યાસ સૂત્રકે તૃતીયાધ્યાય દ્વિતીયપાદમેં કિયે.

૩ સબ ઇંદ્રિયનકે ગુણ જે દેખનો સુનનો ઇત્યાદિક તે બ્રહ્મમેં સર્વત્ર રહે હેં ઔર વહ પ્રાકૃત સબ ઇંદ્રિયનતેં રહિત હેં.

કિયોહે ॥ યાકો ફલિતાર્થ યહ હે, પુરૂષોત્તમકો સ્વરૂપ વિરૂદ્ધ ધર્માશ્રય હે ઇતિનેં લૌકિકવસ્તુ તાકો અર્થ યહ હે સાકાર હોતહે સો નિરાકાર હોત નાંહીં ॥ પરંતુ પુરૂષોત્તમ તો સાકાર હું હું ઔર નિરાકાર હુ હું સાકાર સો આનંદમાત્ર સ્વરૂપ ઔર નિરાકાર સો લૌકિકાકાર રહિત એસો પુરૂષોત્તમ સ્વરૂપ આપનેં વેદ પુરાણ શાસ્ત્રકી યથાર્થ સંમતિસોં સંસ્થાપન કિયો ॥ યાહીતેં સર્વોત્તમ છીમેં ॥ [1]સાકારબ્રહ્મવાદૈકસ્થાપકઃ ॥ યહ આપકો નામ હે યાહીનેં શ્રીકૃષ્ણપુરણબ્રહ્મથાપ્યાજેનાંરૂપકોટિઅનંગ ॥ યહ નિરૂપણ કિયો ॥ ૧૧ ॥ અબ યા રીતસોં શુદ્ધાદ્વૈત મતકો સ્થાપન કરિકેં ફેર આપનેં કહા કિયો સો એક તુકસોં નિરૂપણ કરત હેં ॥

સ્વમારગ સ્થિર થાપવા આપવા ભજનાનંદ ॥
નામ આપ્યાં જીવનેં શુભ મિષ્ટ મુખમકરંદ ॥ ૧૨

અબ ॥ સ્વમારગ ॥ જો પુષ્ટિ માર્ગ તાકોં સ્થિર તાસોં ॥ સ્થાપન કરિવેકોં ઔર ભજનકો આનંદ દેવેકોં

---

૧ અદ્વા સાકાર હે યા રીતકે સિદ્ધાંતકે હી સ્થાપનકર્તા આપ હેં નિરાકાર બાદકે તો ખંડક હી હેં

શુદ્ધ ॥ કહ્યોં જે અનુશુદ્ધ્હૈ। યાતુકેં યહ રૂપહૈ યાકો અભિપ્રાય યહ જે ઔર અકરંદકેં તો રજ ઔર ભ્રમર અલિન કરત હૈં ॥ ઔર યહ અકરંદ સર્વદા શુદ્ધ હૈ યાકો જે આસ્વાદ કરે સો હુ શુદ્ધ હોય આહીતેં મિષ્ટ યહ વિશેષણ કહ્યો ॥ અથવા ॥ ભજન જે સેવાસ્મરણાદિક ઔર આનંદ જે પ્રભુ તિનકેં દેવેકેં ॥ યાકો ભાવાર્થ યહ જે અષ્ટાક્ષર મંત્ર ઔર ગદ્યસહિત પંચાક્ષર રૂપ આત્મનિવેદનકો મંત્ર તદ્દારા જીવનકેં ભજનસેવાધીકારી કરત હૈ ॥ ઔર પ્રહ્લકો સંબંધ કરાવત હૈં ॥ અપ આનંદ શબ્દ પ્રહ્લકો વાચક હૈ સોતો વેહમેં નિરૂપણ કિયો હૈ ॥ શંકા ॥ શરણમંત્ર ઔર આત્મનિવેદન મંત્ર જીવકેં ઉપદેશ કરત હૈં તાકો એક પ્રયોજન તો સ્વમાર્ગસ્થિર સ્થાપવા યહ કહ્યો સો યુક્ત હૈ કહ્યોં જે અનેક શિષ્ય હોંય તબ માર્ગ સ્થિર રહે પરંતુ ભજનાનંદતો ઔર માર્ગમેં હુ હૈ તાતેં આપવા ભજનાનંદ યહ કહ્યોં કહ્યે ॥ પ્રત્યુત્તર ॥

---

૧ પ્રહ્લપક્ષયાદિકનમેં.

ભજત જે ગુણગાન નામસ્મરણ ઔર માર્ગમેં હે તથાપિ ॥ ભજસેવાયાંધાતુ હે તાકો યહ રૂપ હોતહે સો ફલરૂપ સેવા તો પ્રેમલક્ષણા ભક્તિદ્વારા નિરોધ હોય તબ અને ॥ કયોં જે ફલરૂપ સેવાકો લક્ષણ ॥ ચેતસ્તત્પ્રવણં સેવા ॥ યહ કહયો હે ॥ ઔર નિરોધકો લક્ષણ ॥ મર્યાદાવિસ્મૃતિપુર્વકભગવદાસક્તિનિરોધઃ ॥ યહ કહયો હે ॥ યાતેં સેવ્ય તો યામાર્ગમેં પુરૂષોત્તમ ભયે કયોં જે મંત્રાધીન નહી ઔર પ્રેમલક્ષણા ભક્તીતેં હી મિલે ઐસે તો પુર્ણપુરૂષોત્તમ હે ઔર

---

૧ સિદ્ધાંતમુક્તાવલીમેં યહ લક્ષણ શ્રીમહાપ્રભુનને કહયો હે ચિત્તકો પ્રભુનમેં પરોવનો સો માનસી સેવા કહિયે અથવા ભગવત્પ્રવણ જો ચિત્ત સો હી માનસી સેવા કહિયે યાકો વિશેષ વિવેચન દ્વિતીયસ્કંધાદિકનમેં દેવાનાંગુણલિંગાનાં ઇત્યાદિ સ્થલનકે શ્રીસુબોધિનીજીમેં કિયો હે.

૨ દેહાદિક સર્વ લૌકિક પદાર્થકો અનુસંધાન ભુલિકે પ્રભુનમેં હી આસક્તિ હોય સો નિરોધ કહિયે યાકો વિશેષ વિચાર નિરોધલક્ષણ નિર્ણય સુબોધિનીજી પ્રભૃતિ ગ્રથનમેં કિયે હે

અન્ય માર્ગમેં તો મંત્રાધીન ગોપાલાદિક વિભુતી હૈ ॥ યાતેં પુરૂષોત્તમશ્રી સેવાકો અધીકાર તોં જબકો આપનેં હી દિયો ઔર આનંદ જો પ્રભુ તિનકો દાન જો સંબધ સો આપનેં હી કરાયો યાહીતેં સર્વોત્તમ-ત્વમેં ॥ અદેયદાનદક્ષઃ ॥ યહ આપકો નામ હૈ ॥ અથવા જ્ઞાનમાર્ગીય તો ભક્તિકો કેવલ સાધન માનેં હૈ તાતેં ઉનકો ભજનાનંદ નહી હૈ ઔર ઇતર માર્ગસ્થિત આર્યાદિક ભક્તનકો હુ ભગવાન્ મોક્ષરૂપ ફલ દેત હૈ સો શ્રીભાગવતમેં ॥ ભગવાન્ભજતાંમુક્તિંદદાતિકર્હિચિત્સ્મનભક્તિયોગં ॥ ઇત્યાદિસ્થલનમેં સ્પુટ હૈ તાતેં આર્યાદિક ભક્તનકો હુ 'ફલદશામેં ભજનાનંદાનુભવ નહીં હૈ તાતેં ભજનાનંદ જો અમા-કૃત દેહ તેં ફલરૂપ ભગવત્સેવાત્મક અપરિગણિતાનંદ સો તો પુષ્ટિમાર્ગમેં હી હૈ યહ સમ્ફલપ્રદરણુકે શ્રીમુ-

---

૧ કોઇભી ન દિયે જાય ઓને જે ભગવત્સાક્ષાત્કારાદિક તિનકે હુ દાનમે આપ ચતુર હૈ.

૨ ભગવાન્ આર્યાદિકભક્તનકો મુક્તિ દે હૈ પરતુ ફલરૂપ ભક્તિ કબ હુ નહિ દે.

યોધનીજમેં [1] પ્રભુનંદાત્સંમુદ્ધત્યભજેજનાનંદયેંજને ॥ ઇત્યાદિ ગ્રંથસોં સ્પષ્ટ કહ્યો હે ઔર અણુભાષ્ય ચતુર્થ ધ્યાય ચતુર્થપાદમેં હુ સવિસ્તર વિવેચન કિયો હે ॥ યહ ભજનાનંદ ઇતર માર્ગમેં નહી હે ॥ યાતેં આપવા ભજનાનંદ ॥ યહ કહ્યો સો યુક્ત હે ॥ ૧૨ ॥ અબ યા રીતસેં જીવનપર એક દેશમેં હી બિરાજીકે આપને કૃપા કીની કે ઔર હુ કહું પધારે હતે તા શકાકે નિવારણ આધી તુકસોં કરત હે ॥

अनेक जीवनें कृपा करवा देशांतर परवेश ॥

॥ અનેક ॥ સો અસખ્યાત જે ॥ જીવ ॥ તિનપર કૃપા કરિવેકાં ॥ દેશાંતર ॥ જે અનેક દેશ તિનકેં વિષેં આપને પ્રવેશ કિયો ॥ અબ યહ આપકી દયાલુતાકો હૃદયમેં અનુભવ ભયો તાકો આનંદ ગોપાલદાસજીકાં ભયો સો આધી તુકસોં વર્ણન કરતાહેં ॥

कोमल पद ज्यां कमल विलसे धन्य कहुं ते देश॥१२

---

૧ પ્રભુનાન દમે સો ઉકાર કરિકે ભજનાન દકો યોગમે લે લીના હે સો દૂસ પ્રકરણમેં નિરૂપણ કરાંહે.

ओरा आवोनें श्रीनाथजी सुहामणा रे ॥
तारी चटकती चालना लडुं भामणा रे ॥ १ ॥

श्रीकृष्णायनमः [1]भजभनभालमुकुंहमुअरुपसरोवर-
भाय ॥ व्रजजन लोचनभीननुंजीवनजेथी थाय ॥ १ ॥
एचे गोस्वामिश्री जीवनजी महाराजें श्रीनाथजीनुं धोल
गुजराती भाषामा रचेलुं छे पण ते घणुंज संस्कृत
भरेलुं छे कारण के संस्कृत भाषा जाणनारा सारा कवी
लोकोनी कवितामां संस्कृत शब्द घणा आवे छे अने एज
कवितानुं भूषण छे तेथी आ घणुंज संस्कृत भरेलुं छे
तेथी ए धोल वाचनारा लोकोनें तेनो [1]अर्थ समझ
वामां आवतो नथी अने अर्थ न समझवाथी केट-
लाएक पाठो क्रमशाथीज बदलावा लाग्या छे ए जोतां
केटलाएक वर्षोमा आ धोलमां घणोज फेरफार थवानो

---

१ भज एटले भजन ॥

અને પછી તો તે ઘોલનો અર્થ વિદ્વાનોથીપણ સમ-
જાશે નહિ એથી એમ ન થવા માટે આ ઘોલ શુદ્ધ
છપાવી પ્રસિદ્ધ કરેલું છે અને એ ઘોલની ટીકા ગટ્ટે
લાલા એ નામે પ્રસિદ્ધ પંચનદિ ગોવર્દ્ધનલાલાયે કરી
છે હવે પેહેલી તુકનો અર્થ તો પ્રસિદ્ધ છે ભામણા
તે ઓવારણા આ સર્વ વચન શ્રીનાથજી પ્રત્યે
શ્રી રાધાજીના છે તે ઓગણત્રીશમી તુકમાં સ્ફુટ
થશે ॥ ૧ ॥

વારણ વનમા ગયા તે ણ ને જોઈને રે ॥
જેમ લાજથી ધની તે ધન ખોઈને રે ॥ ૨ ॥

હવે ચાલની શોભા ઉપરે ઉત્પ્રેક્ષા કરે છે હાથિયો
જંગલમાં રહે છે એ ચાલને જોઇને તે વારણ મદ-
મત્ત હાથિયો પોતાની ચાલની શોભા ઓછી થતાં
લાજ પામીનેં વનમાં ગયા છે જેમ ધની એટલે
ધનવાલો તે દીવાલું કાઢે ત્યારે ભાગી જાય ॥ ૨ ॥

नखरचंद्रचक्रचंद्रिकाविकासथी रे ॥
क्षीणभाव पाम्यो शशी उपहासथी रे ॥ ३ ॥

નખરચંદ્ર નખરૂપી ચંદ્રમા એટલે ચંદ્રમા તેનું ચક્ર જે સમુહ તેની ચાંદનીના ફેલાવથી શશી એટલે ઉપહાસથી એટલે પોતાની હાંસી થવાથીજ વાંકા કૃષ્ણ પક્ષમાં ક્ષય પામે છે ॥ ૩ ॥

हस्तचरणकोमलिमानें देखी द्रुमतणा रे ॥
पल्लव नम्रवदन थयां लाजीनें घणा रे ॥ ४ ॥

દ્રુમતણાપલ્લવતે વૃક્ષોના રાતાં કોમલ પાનડાંઓ શ્રીહસ્તની અને ચરણારવિંદની કોમલિમા જે કોમલપણુ તેને દેખીને પોતાનુ કોમલપણું હલકું દેખીને લાજ પામીને નમ્ર વદન થયાં એટલે નીચું મોહું કરીનેં લટકી રહ્યાં છે ॥ ૪ ॥

जेहर पायल ने वीछिया पगपानेंनी रे ॥
सोभा केतां न घने ते निरुपमाननी रे ॥ ५ ॥

જેહર વિગેરે આભરણો પ્રસિદ્ધ છે તે સર્વે નિરૂપમાન છે એટલે તેઓને કાંઈપણ ઉપમાં દેવાઇ શકાય એમ નથી તેથી તેઓની શોભા કેટલાં અને નહિ ॥ ૫ ॥

शोभा वनी तनीयानी घणी श्वेतनी रे ॥
देखी धजा लंजामजित मीनकेतनी रे ॥ ६ ॥

શ્વેત તે સપેત તનિયાની શોભા ઘણી ધની છે તે જોઇને મીનકેતની એટલે કામદેવની ધજાનૂ વસ્ત્ર લજામજીત એટલે લાજમાં બુડેલું છે અથવા કામદેવની ધજાનૂ ચિન્હ જે માછલું તે લાજથકી જલમાં બુડી રહે છે કામદેવની ધજામાં મછનૂ ચિન્હ છે તેથીજ એનું નામ મીનકેત કેહવાય છે ॥ ૬ ॥

सूथन काछनीनी छवी छाई चित्त मा रे ॥
मान मेली घणी दीन थई नित्त मा रे ॥ ७ ॥

સૂથનની અને કાછનીની છબી જે શોભા તે મનમાં છાયી રહી છે તે જોઇનેં મા જે લક્ષ્મીજી તે અભિમાન મેલીનેં દીન થયી રહ્યાં છે ॥ ૭ ॥

क्षुद्रघंटिकानूपुरनी सांभली धुनी रे ॥
मेली समाधी विकल थया महामुनी रे ॥ ८ ॥

શુદ્ધઘંટિકા જે કટીનૂ આભરણ અને નૂપુર તે બન્નેની ધુની જે શબ્દ તેને સાંભલીનેં મોટા મુનિયો પણ સમાધી મુકીનેં વિકલ તે ગાંડા થયા છે ત્યારે સ્ત્રિયોને મોહ થાય તેમાં શું આશ્ચર્ય ॥ ૮ ॥

કટીજોઈને લજાયા મોટા કેસરી રે ॥
નાભી જોઈ વાપી જડતાનેં અંગીકરી રે ॥ ૯ ॥

આપની કટી જે કૃ તેનું પાતલાપણું જોઈને મોટા સેરીસિંહ પણ લજાયા અનેં નાભીનૂં ઊંડાપણું જોઈનેં વાપી જે બાવડિયો તેઓયેં જડતાને અંગીકરી એટલે લાજથી જડ થયિ રહિ હવે અલંકાર શાસ્ત્રમાં ર અનેં લ એ બન્ને અક્ષરને એક ગણે છે તેથી સ્વરૂપ જોતાં જલરૂપ થયી રહી છે અનેં જડ એવું શીતલતાનું નામપણ આંઈ સંભવે છે ॥ ૯ ॥

ઉદરત્રીવલીની સુષમાની ઉપમા નવ મલે રે ॥
વિપુલવક્ષસ્થલ મેલૈંનેં રમા નય ટલે રે ॥ ૧૦ ॥

ઉદર ઊપર ત્રિવલી એટલે ત્રણ વાટા પડે છે તેની સુષુમાં જે પરમ શોભા તેની ઉપમા મલે નહિ વિપુલ એટલે પખતું એવું જે વક્ષસ્થલ છાતી તેને મેલીને રમા જે લક્ષ્મીજી તે ક્યાંઇ પણ જતાં નથી આ વચ-નથી લક્ષ્મીજી ઉપર રાધાજીયે દાખ્યાં દેખાડી અને લક્ષ્મીજીનેં પણ મોહ થાય ત્યારે બીજનેં શું કેહેવું એ પણ જણાવ્યું અને પ્રભુના હૃદયમાં લક્ષ્મીજી નિવાસ કરે છે તે તો પુરાણાદિકમાં પ્રસિદ્ધ છે ॥ ૧૦ ॥

बाजू पोंची कडा सांकला हाथ सांकलारे ॥
हीरामुद्रिका ते कलानिधिनी कला रे ॥ ११ ॥

બાજુ વિગેરેં આભરણો પ્રસિદ્ધ છે હીરાની મુદ્રિકા જે વીટી તે કલા નિધીનીકલા એટલે ચંદ્રમાની કલા-જેવી ઉજળી દીસે છે॥ ૧૧ ॥

कंचुकंठ कंठाभरण हांस चवलनी रे ॥
शोभा केतां बुद्धि घटी कवीचवलनी रे ॥१२॥

કંઠ્યું જે શંખ તે જેવા સુંદર કંઠને વિષે કંઠા ભરણ હાંસ નિચલ એ આભરણ સેવા પ્રકારમાં મંડિત છે તેઓની શોભા કહેવામાં ગળના કવિઓની બુદ્ધિ પણ ઓછી પડે છે ॥ ૧૨ ॥

कौस्तुभ पदकनी पंक्ति नें रत्ननी वदी रे ॥
मन मग्न थयूं ए तो शोभानी नदी रे ॥ १३ ॥

શ્રીકંઠમાં કૌસ્તુભમણિ અને તેની નીચે માલા-ઓના રત્નજટિત પદકો ઉપરાતરી બરાબર આવેલા છે તેઓની પંક્તિ અને રત્નની બદ્ધી એટલે વચમાં ચોખ્ખી અને ચારેતરફ ચાર મોતીની લડ એવું આભરણ એનેં બદ્ધી કહે છે એ સર્વેના રત્નોની પંક્તિ નીચે સુધી સરખી આવેલી છે તેથી શોભાની નદીજેવી લાગે છે એથીજ એ પંક્તિમાં જોનારાઓનું મન ડુબે છે નદીમાં કોય પણ ચીજ મળે થાય એ યોગ્ય છે ॥૧૩॥

रत्ननिकर रचित भूषण तेज शूंकहूं रे ॥
मिहरशीतरश्मिकांति तुल्य नव लहूं रे ॥१४॥

રત્નોંના નિકર જે સમુહ તેઓના જડાવથી બનાવેલા આભરણોનું તેજ શું કહું મિહિર જે સુર્ય અને શીતરશ્મિ જે ચંદ્રમા એ બન્નેની કાંતિ પણ આભરણના તેજસરખી દેહેવાય નહીં ॥ ૧૪ ॥

सामल अंग मोती गुंज कुसुम मालिका रे ॥
देखी मेघ इंद्रधनू पक्क थया फाकी रे ॥ १५ ॥

શ્યામ અંગમાં મોતી અને ગુંજ અને કુસુમ તે રંગરંગના પુલો એ સર્વેની માળાઓ જોઇને મેઘ વિગેરે ફીકા થયા શ્યામતાની શોભાથી મેઘ ફીકા દેખાય છે તે અંગમા સફેત મોતીની આગલ બક તે બગલા ફીકા દેખાય છે અને ગુંજની તથા પુલોની માલાની આગલ ઇંદ્રધનુષ ફીકું લાગે છે મેઘમા સુર્યનુ તેજ પડવાથી અનેક રંગભરેલું કબાનને આકારે જે દેખાય છે તેને ઇંદ્રધનુષ કહે છે ॥ ૧૫ ॥

देखी पीतांबर चंचला चंचल थई रे ॥
गयां मानिनीना मान धीरज नव रहे रे ॥ १६ ॥

ચંચલાં તે બીજાની તે પીતાંબરની શોભા પોતાથી અધીક દેખીને પોતાની શોભા વધારવા માટે વળી ચંચલ થયીછે અર્દ્ધી તુકનો અર્થ સ્પુટ છે ॥ ૧૬ ॥

શોભા સદન વિશદ વદન કુમુદ દેખતાં રે ॥
કુમુદ પોતાની સુંદરતા નહી લેખતા રે ॥૧૭॥

શોભાનું સદન એટલે ઘર અને વિશદ એટલે ઉજવલ એવું વદન કુમુદ એટલે મુખરૂપચંદ્રમા અથવા કુમોદની તેને દેખતાં કુમુદ તે ચંદ્રમા અથવા કુમોદની તે પોતાનું સુંદરપનું દેખતા નથી. ॥ ૧૭ ॥

નાસા અધર શોભા શક્તિ નથી મોંય વારે ॥
જેમ કીરવદન બિંબફલ ચાખ વારે ॥ ૧૮ ॥

નાસિકાની અને અધરની એટલે નીચેના હોઠની શોભા વર્ણન કરવાની મારી શક્તિ નથી જેમ કિરવદન એટલે સુડાની ચાંચ બિંબ ફલ એટલે પાકેલાનું ચાખવા આવતી હોય તેમ બિંબફલ-

જેના લાલ ડોડ ઉપર સુડાની સાંચ્યજેવી. નાસિકા
શોભે છે ॥ ૧૮ ॥

ચંચલ અરુણ સજલ નયનયુગલ નિરખતાં રે ॥
ખંજન કમલ મીન રહ્યાં શ્વાસ ધરખતાં રે ॥૧૯॥

ચંચલ અને અરૂણ એટલે લાલ સજલ એટલે રસભરેલું એવું નયન યુગલ એટલે બેનેત્ર તેને જોતાં ખંજન વગેરે શ્વાસે ધરખતા રહ્યાં એટલે પોતાની શોભા ફીકી થવાથી નિસાસા ભરે છે ખંજન પક્ષીની ચંચલતા અને કમલનો વિકાસ અને મીન જે મચ્છ તેનું ડહડહાપણું તથા લંબાઇ એ સર્વ નેત્રની શોભા આગલ રદ્દ થયું ॥ ૧૯ ॥

જીતી કામની કમાન કાન તેં ખરી રે ॥
કુટિલભૃકુટી ના ભંગ નેહથી કરી રે ॥ ૨૦ ॥

નેહથી કરી એટલે સ્નેહે કરીને જે કુટિલ ભૃકુટીનો ભંગ વાંકી ભંભરેલું ચઢાવવું તેથી કામદેવની કામાન છતી આ તુકનો ફલિતાર્થ એ જે ધનુષ

मोरमुगटनी लटके मनमा वसी रे ॥
शतचंद्रनी शोभानें जोई ते हसी रे ॥ २५ ॥

મોરપિચ્છના મુકુટનો ગોઠ અને લટકો અમારા મનમા વસે છે તે લટક કેટલો ચંદ્રમાઓની શોભાને જોઇને હસે છે કે આગળ એ શોભા તુચ્છ છે ॥ २५ ॥

सर्व गर्व थयो वेणी जोई नागनो रे ॥
तेथी वास कीधो अधोभूमिभागनो रे ॥ २६ ॥

વેણી તે ચોટી તેને જોઇને નાગનો 'ગર્વ ખર્વ' એટલે ઓછો થયો તેથીજ શરમને લીધે નાગોએ અધોભૂમિભાગે એટલે પાતાલમાં વાસ કીધો, આ તુકનો કલિતાર્થ એ કે જે વેણી નાગથીપણ લાંબી અને શ્યામ શોભાવાલી છે ॥ २६ ॥

वेणुरागथी सराग चित्तनें कीधूं रे ॥
वेत्र धरी नेत्रयुगमनें ते सुख दीधूं रे ॥ २७ ॥

વેણુ જે મુરલી તેના રાગથી ચિત્તનેં પામ્યું સરાગ એટલે રાગસહિત થીધું રાગ એટલે સ્નેહ અને ગાવાનો રાગ વેત્ર એટલે છડી તે શ્રીહસ્તમાં ધરીને અહ્મારા નેત્રયુગ્મનેં એટલે બંધે આંખોનેં તે અલૌકિક સુખ દીધું ॥ ૨૭ ॥

तारां वचनसुधा करणचषकमां भरी रे ॥
चित्त तृप्त नथी थातूं पाननें करी रे ॥ २८ ॥

તમારા વચનરૂપી સુધા એટલે અમૃત તે કાનરૂપી ચષક એટલે રસ પીવાનું પાત્ર તેમાં ભરીનેં પાન કરતાં એટલે વારંવાર વચનામૃત સાંભલતાંપણ મન તૃપ્ત નથી થાતું ॥ ૨૮ ॥

एवां राधावचन सुणी हरी आविया रे ॥
कुंजकेली करी घणा मन भावीया रे ॥ २९ ॥

કુંજકેલી એટલે કુંજમાં ક્રીડા બાકી અર્થ સ્પષ્ટ છે ॥ ૨૯ ॥

हलीमली कुंजपुंजथी सदन गयां रे ॥
करी हास नें विलास वे मगन थयां रे ॥३०॥

બે તે રાધાજી અને શ્રીજી એ બે કુંજપુંજ-થી એટલે કુંજોના સમુહોમાથી સદન ગયાં ઘેર પધાર્યાં ॥ ૩૦ ॥

रसरूप एवा श्यामने श्यामा वेउ रे ॥
एउनूं ध्यान धरे प्रेमथी निजजन सउ रे ॥३१॥

૨સરૂપ એવા શ્યામને શ્યામા બેઉ રે ॥
એઉનૂં ધ્યાન ધરે પ્રેમથી નિજજન સઉ રે ॥૩૧॥

दास मागे लीलानंद मने आपजो रे ॥
एज ध्यान हृदे स्थिर करी थापजो रे ॥३२॥

દાસ માગે લીલાનંદ મને આપજો રે ॥
એજ ધ્યાન હૃદે સ્થિર કરી થાપજો રે ॥૩૨॥

લીલાનંદ તે નિત્યલીલાનુ સુખ હવે આ તુકમાં શ્રીજીવનજી મહારાજે દાસ એવી પોતાની છાપ રાખી

છે તેનું કારણ એ જે પોતાના મુખારવિંદરૂપ શ્રીવલ્લભજી મહારાજ જેઓનેં કાકાવલ્લભજી કહે છે તે એઓની છાપ કીર્તનોમા દાસ એવી છે તે મહાનિસાભાદોંથી આહેં પ્રગટ વહેં મારગરીતિ દિખાયી ઇત્યાદિ કીર્તનો-માં પ્રસિદ્ધ છે તે અનુસારે જીવનજી મહારાજે પણ દાસ એવી છાપ મુકેલી છે ॥ ૩૨ ॥

इतिश्रीनाथजीनूं घोल ॥ श्लोकः॥ यस्यत्र-यनितेनाशुकालेनग्रथितोमया ॥ जीवनेन-प्रबंधोयंप्रेरणाद्धृत्स्थितप्रभोः ॥ १ ॥

હવે આ ઘોલ કેટલા દિવસમાં બનાવ્યું તે વાત એક શ્લોકમાં લખે છે તે શ્લોકનો અર્થ અમારા હૃદયમાં જે પ્રભુ બિરાજે છે તેની આજ્ઞાથકી અમેં આ ઘોલ ત્રણ દિવસમાં જલદીથી કર્યુ છે ॥

॥ દોહરો ॥

ઘનશ્યામસુત પંચનદિ ગોવર્દ્ધન કવિ એહ ॥ અર્થ
લખ્યો અક્ષેપમાં જીવન વલ્લભ સનેહ ॥ ૧ ॥

ઇતિશ્રી વ્રજવલ્લભચરણૈકતાન પંચનદિ ઘનશ્યામભટ્ટ-
વ્રજ ગોવર્દ્ધન શીઘ્રકવિ વિરચિતા
શ્રીનાથધવલટીકાસંપૂર્ણા ॥

શ્રીનાથજીનાં ધોળ.

ગોસ્વામિની શ્રીકૃષ્ણાયતી વદ્ધજી મહારાજકૃત.

("જે જે બોલો શ્રીવ્રજપાલજી" એ ધોળનો રાગ.)

પ્રથમ શ્રીવલ્લભપદ હું નમું, શ્રીવિઠ્ઠલપ્રભુ કરું પ્રણામ; શ્રીમહારાજજીની કૃપા (અનુગ્રહ) થકી, મુને જોવરાવ્યું શ્રીજીદ્વાર ગામ. જે જે બોલે શ્રીગોવર્ધન નાથજી. ૧ લાલ બાગ જોઇને મને હર્ષ થયો, નાસ્યા નદી જમુનાજીનો ઘાટ; મોટો મગરે તે દર્શન ગિરિરાજનાં, નાથુવાસમાં ગાય તણા હાઠ. જે૦ ૨ નગારખાનું જોઇને આનંદ પામીયા, વચ્ચે ગોવર્ધન ચોક એ માન; સામા સૂરજપોલ શોભા ઘણી, નવ સીઢી તે નવધા ભક્તિ જાણ. જે૦ ૩ પુલચોક સિંઘપોલ રંથીચામણાં, કથા ભાગવત શોભતો સમાજ; કમલચોક બાલાજી રમણ ફરે, અનારચોક જોઈ સરિયાં કાજ. જે૦ ૪ ઘી ઘર ખાંડ ઘર મેવાઘર તહાં, પાસા ભંડારમાં સેવા કરવા જાય; પ્રસાદી ભંડાર નિખ્યા સહી. સહુને પ્રસાદ બંટાય. જે૦ ૫ દૂધઘર ફુલઘર પાન શાકઘર

ધામ, માળાવર જલપાનનું ત્યાં ઠામ; રસોઈ બાલભોગ
નિરખ્યા સહી, જસોદાજી રોહિણીજી પુરન કામ. જે૦ ૬
સાખી-માવાગલી સોહામણી, ને શોભા વરણી ન જાય;
ગોસ્વામી બાલક સહુ; ને માલા પહેરે આય. ૧

ઘોળ ૨.

("ચાલો તો બીજી જયેરે શ્રીમુખ સુંદર જોવાને." એ રાગમાં.)

છડીવર યમુનાજી કુંજનામરે, મ્હારૂં મન લાગ્યું એ
ધામરે; ગજીસવર કહાયે અભિરામરે, સાહેલી આનંદ -
ઉર ન માયરે. ૧ મણિકોઠા તે મણિમય રૂપરે; કુમારિ-
કાની કુંજ અનૂપરે; જોને જોઈ મોહ્યા બજબુપરે.
સાહેલી આનંદ. ૨ મંદિર અક્ષરબ્રહ્મ કેરી જાણોરે,
જ્યાં બિરાજે ગોવર્ધન રાણોરે; ચંદ્રાવલીજીની કુંજ
મન આણોરે. સાહેલી આનંદ. ૩ શય્યા મંદિર બ્યારી-
છની કુંજરે સ્વામિનીજી રસ પુંજરે, વહોલા રમણ
કરે એહિ મંગરે. સાહેલી. ૪.

સાખી-દર્શન આપ્યાં શ્રીનાથજી, ને પુરી મનની આશ;
લોચન મન શીતલ થયાં મુખચંદ્ર જોઇને પ્રકાશ ૨

ઘોળ ૩.

("હાલા વરણાગિયારે" એ રાગમાં.)

વ્હાલા રહો વેગળારે. મન મોહ્યું સુંદરશ્યામરે;
છોડી જાઉં નહિ ધામરે; ચિત ચોર્યું મ્હારૂં અભિરામરે;
સામળીયા વ્હાલા વરણાગિયારે. ટેર નેત્રકમળ ને ભ્રકુટી
કમાનરે, મોરમુકુટ ને કુંડળ કાનરે; સુથન કાછનીની
શોભા વારૂં પ્રાણરે. સા૦ ૨ શ્યામ ચોટી શોભે લહેરા-
વીરે, બે અલક છુટી ઘુંઘરાવીરે; સખી શ્રીમુખની
બલિહારીરે. સા. ૩ લાલ શોભે પીતાંબર પટકેરે,
નિત નૂતન ફરે વાલો લટકેરે; મ્હારું મન એ ચરનમાં
અટકેરે. સા૦ ૪ નિત નૌતમ ધરે શણગારરે, સહુ
રત્નોના હાર મોતી માળરે; નિરખી લોચન થયાં
નિહાલરે. સા૦ ૫.

સાખી-કમલનયન પ્યારા પ્રભુ, ને મારા જીવન પ્રાન;
ચરનકમલ પરસું સદા, વસું સદા એ ધામ.

ઘોળ ૪.

("જાવા દ્યો મને શાને રોકો છો વાટમાં" આ રાગમાં.)

સૈયર મન મોહ્યું શ્રીનાથજી છબીલા, હાંહાંરે એના
લોચન કુટિલ અરવિલાં. સૈ૦ ૧ જગમોહન જમુના-

છની કુંજ, હાંહાંરે પ્રજભક્ત ઉભા તે અલિ પુંજ. સૈ૦ ૨ રત્નચોક તે રત્નમય જાણ્યા, હાંહાંરે પ્રજભક્ત શ્રીમુખ જોઇ અણ્યા. સૈ૦ ૩ લલિતાજીની કુંજ સદન ધામ, હાંહાંરે ક્રીતનીયા ગલી તેનું નામ. સૈ૦ ૪ તાલ મૃદંગ સારગી બીન વાજે, હાંહાંરે કોકિલા કંઠ મધુર સુર સાજે. સૈ૦ ૫ રાગ રાગિની સપ્ત સુર તીન ગ્રામ હાંહાંરે સ્વરૂપ સહિત ઉભા તે ઠામ. સૈ૦ ૬ સમેસમેના ગુણચરિત્ર ગાતાં, હાંહાંરે પ્રાણનાથનાં તે દર્શન થાતાં. સૈ૦ ૭ વસ્ત્રવરની છાત છે ન્યારી હાંહાંરે ઉઠ્યા ગોપી ગ્વાલની તિખારી. સૈ૦ ૮ જન્મ ઉત્સવને થાય આનંદ, હાંહાંરે જમે નંદસુવન સંહુ સંગ. સૈ૦ ૯ રંગીલી ગલી આનંદ સહુ સોહી, હાંહાંરે અન્નકુટની રસોઇ તહાં જોઈ. સૈ૦ ૧૦ ગોહેના ઘર મણિકુચોક સાજે, હાંહાંરે પંખાગલી બીન ત્યહાં વાજે. સૈ૦ ૧૧ કૃષ્ણ-કમળ શ્રીમુખ પર વારી હાંહાંરે ચિત્ત ચોર્યું મારૂં ગિરિધારી. સૈ૦ ૧૨

સાખી—નંદાલય નિજધામના, ને કરિયે દર્શન ચાલ;
બાલવિનોદ સોહામણા, ને નવનીતપ્રિય લાલ,

ઘેાળ ૫.

(" મને તમારૂં તે તેા ઘેલડી " એ રાગમાં.)

મારેા લાડીલેા લક્ષન બલિહારી, છબીલા લાલ મુખ છબિ લાગી મુને પ્યારી. ૧ ધુંઘરાયલા કેસ ગુંચળી સીસ ઉપર શેાભે, અલકાવલી તિલક મન મેાહે. છ. ૨ શ્રવણમાંહે ઝુમકી તે તારા જેત ઝળકે નાસિકા વેસર મેાતી લટકે. છ૦ ૩ અરૂન કમલ નેત્રમાંહે અંજન તે ફેલ્યાં, રૂદન કરી વેહેવરાવ્યા છે રેલા. છ૦ ૪ નવનીત આરેાગ્યા કાંઈ મુખકપેાલ ફેસી, આ છબી તેા મન-માંહે પેસી. છ૦ ૫ ફુલરી કંઠ હાંસ કહુલા રહકે શેાભા ભરી, કટિ કિંકિની તે ઘુઘરાવાલી. છ૦ ૬ બાજુ પહેાંછી કડા વળી પુમતાંને ફરકે, શ્રીનંદ જશેા-દાજી જેઈ હરખે. છ૦ ૭ રત્નખચિત ચેાક માંહે ઘુટનિયાં ખેલે, ગુંજનાચૂસની રમેં મુખ ખેલે. છ૦ ૮ મદનમેાહનજી ને બાલકૃષ્ણલાલ, નવનીતપ્રિયાજી રમેં ખ્યાલ. છ૦ ૯ ચરનકમલ માંહે ઝાંઝર નૂપુર ઝનકાર, શ્રીજસેાદાજી નિરખે વારવાર. છ૦ ૧૦ દુધની દંતુડી બેજ મુખમાંહે તે લસે, શ્રીલક્ષ્મી ને તે વાલા હસે છ૦ ૧૧ બિંજન પ્રકાર ભેાગ લગાવી મુખે માંડે, હસ્તકમલ વચે

વચે બોળે. છ૦ ૧૨ આઉ દર્શન આઉ ભોગ આવે મુખે, સામર્થ્ય શું વરણી શકું મુખે? છ૦ ૧૩ એક સ્વરૂપે યશોદાજીને પાસ, એક સ્વરૂપ થકી રમે રાસ. છ૦ ૧૪ જગમોહન સિંહપોર મન મોહે, કૃષ્ણ ભંડાર પરછનો ત્યહાં સોહે. છ૦ ૧૫ કૃષ્ણકમલ બાલલીલા સહુ નિરખે જન્મ સફલ કરિ હરખે. છ૦ ૧૬.

સાખી:—

ભાવ સહિત સેવા સહુ ને કયાં લગી કહું સ્વરૂપ;
નંદાલયની કુંજની નેં ત્રિવિધી તણું રસરૂપ.

સાખી:—

સાત દ્વજ સોત રંગની, સહુનાં જુદાં રૂપ;
શું સામર્થ્ય ગુણ વરણીએ? એ ભાવ છે અધિકઅનૂપ.

ઘોળ ૬.

(સતભામાજીના પહેલાં કહેવાનો રાગ.)

અરે કલશ કહીએ શિખર ગિરિરાજ, અરે દર્શન કરતાં સર્યાં સહુ કાજ; અરે છપરા કહિયે ગોવર્ધન રૂપ, અરે હાંરે ત્યાં બિરાજે ગોકુલના ભૂપ૦ ૧ અરે મેઘ શ્યામ દ્વજ તે પ્રાણનાથ, અરે પાળી પ્રાણપ્રિયાજીની

સાથ, અરે શ્યામ યમુનાજી મન મોહે, અરે હાંરે શ્વેત ચંચળ ચંદ્રાવલી સોહે. ૨ અરે રાધા સહચરીજીની લીલા રાજ, અરે સોસની તે કહિયે ગિરિરાજ, અરે અનુરાગ ભરી વ્રજબાળા, અરે હાંરે જેણે વશ કીધા છે નંદલલા. ૩ અરે મુખકમલ શોભા રહી જોઈ, અરે નયનકમળ કટાક્ષ મન મોહી, અરે હૃદય કમલ જોઈ લાલ્યો ચંદ, અરે હાંરે હસ્તકમલ સાહીને આનંદ. ૪ અને નામ કમલ સુગંધ મકરંદ, અરે વ્રજભક્તને મનના ફંદ, અરે ખટ કમળ ઉપર જાઉ વારી, અરે ચરનકમલની બલિહારી. ૫ અરે હાંરે શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલનાથ, હાં` શિર નામીને જોડું બેઉ હાથ, હાંરે રાધા શ્રીયમુનાજી શિસ નાંઉ. અરે હાંરે ગુણ ચરિત્ર અહર્નિશ ગાઉં. ૬ હારે દર્શન એવાં છોટીને નહી ટરીશું, હાંરે ચરનકમળ અહર્નિશ પડીશું, હાંરે ધોળ ગાયે ને સંભળાયે, અરે હાંરે તેને લીલા અનુભવ થાય. ૭ હાંરે નિત નૌતમ ઉત્સવ થાય, હાંરે આનંદ હર્ષ નવ માય, હાંરે કૃષ્ણ કમલ કે પુરી મ્હારી આશ, અરે હાંરે સખી ચરનકમલની પાસ. ૮

સાખીઃ—

સેવાવિધ સુભરન કરૂં ને નિત વ્રત કરવું ગાનઃ
વસે સદા મન સાંવરો, ને રસના અમૃત પાન

શ્રીજગોદાબેટીજીકૃત ઘોળ.

("શરદ પુનમની રાત જાણીને વ્હાલે રમવા કીધું
મનરે "—એરાગ)

ગિરિકંદરામાંથી પ્રગટ થયા પ્રભુ, આપ ગોવર્ધન નાથરે; નંદજશોમતિ કેરા લાલન; વ્રજ સૌ કીધું સનાથ. ગોવર્ધનો વસિયારે; મારે મન વસિયા, વ્રજનાથ મધુરૂં હસિયારે. ટેક. શ્રાવણ સુદ પાંચમને દહાડે, થયું શુભ દર્શનરે; ગિરિકંદરામાં બિરાજે વાહલા, શું કહું પ્રસન્ન વદન? ગો૦ ૧ ઘણાં દિવસ સુજનનું પુજન, આવ્યું તે વ્રજમાંયરે; દુધ લઇને સ્નાન કરાવે, મહિમા કહ્યો ન જાય. ગો૦ ૨ છિદ્ર સહિત શિલા ગિરિવરની, તેમાં શ્યામ સ્વરૂપરે; એક ગાય ત્યાં નિત્ય જાય છે, દુધ સ્રવે તદરૂપ. ગો. ૩ એક બ્રાહ્મણની ગાય હતી તેણે, પુછી ગોવાળીયાને પેરવે; દુધ ઘરે તે નિત્ય કમ આવું? દોહી લઇ જાય તું ઘેર. ગો૰ ૪ ત્યારે

ગોવાળીયાએ એમ કહ્યુ, અમર કાલું નિરધારરે; કેણ પ્રકાર થાય છે આ ગોમાં કહું સમજાવી સાર. ગો૦ ૫ સાંજ સવાર ગૈા ટોળામાંથી, ગિરિવર ઉપર જાયરે; ઉભા રહીને દુધ સ્રવે નિત્ય, પ્રાણ જીવનને પાય. ગો૦ ૬ ગૈા પ્રકાર જોઈ ગોવાળિયેા, બ્રાહ્મણને લાગ્યેા સંગેરે; અચરજ જોઇ વિસ્મય થયું મન, કહ્યાવ્યું સૌને ઉમંગે ગો૦ ૭ સૈા વ્રજવાસી ગિરિવર આવ્યા, બોલ્યા મુખથી બોલરે; કોઈ દેવ ને કે દ્રવ્ય હોય એમ, કીધેા મુખથી તોલ. ગો૦ ૮ ગિરિશિલા ઉચ્ચકીને જોયું તેા દીઠા સુંદર શ્યામરે; પુછયું દેવને પર્વત કેરા, શું છે તમારૂ નામ? ગો૦ ૯ માણજીવન ત્યારે એમ બોલ્યેા કે, દેવદમન મુજ નામરે; મહિમા ચાલ્યેા વ્રજમાં ઝાઝેા પુર્ણ કરે મન કામ. ગો૦ ૧૦ દહીં દૂધ વ્રજવાસી કેરાં આરોગે નંદલાલરે; ઝાડખંડમાં જઈ મહામભુજીને; આજ્ઞા કરી તત્કાલ. ગો૦ ૧૧ ઇંદ્ર—નાગ—ને દેવદમન તે, પ્રગટ થયા વ્રજ માંહેરે; ગિરિવર ઉપર આપ પધારેા, સેવા ચલાવેાની ત્યાંહ, ગો. ૧૨ મહામભુજી વ્રજમાં પધાર્યા સદ્ગુ પાંડેને ઘેરરે; વચન સુણ્યાં ગિરિવર

પ્રભુનાં. વાત પુછી ફરી પેર, ગો૦ ૧૩ સદ્ગુ પાંડે શ્રીમહાપ્રભુજીને કહે છે, પ્રાકટયનો પ્રકારરે; દેવદમન નામે પ્રકટયા છે, મહિમા અપરંપાર. ગો૦ ૧૪ ગિરિવર ઉપર આપ પધાર્યા, સામા મળ્યા નિજ નાથરે, અગો અંગ ભેટી સુખ ઉપજ્યું, જોડયાં પછી હાથ; ગો૦ ૧૫ ગોવર્ધન ઉદ્ધરણ ધીરનું, નામ ધર્યું શ્રીનાથરે; ગો૦ પીછનો મુગટ ધરાવ્યો, બંસી દીધી હાથ ગો૦ ૧૬ પાટ બેસાડી ને ભોગ ધરાવ્યો, ત્યાંથી પધાર્યા આપરે; નિજજન મન આનદ વધાર્યો, દુર કીધાં તન તાપ. ગો. ૧૭

શ્રીગોવર્ધનનાથજીનો ખ્યાલ.

("હમકું છાંડ ચલેરી મેની આધો" એ રાગ.)

શ્રીગોવર્ધન ઉદ્ધરણ ધીરને મન મેરો મોહ લિયો છિનમેરે. ટેક. શીશ પાગ શિર પેચ બિરાજે, લંર લટ કત સોહે ભ્રકુટી પેરે; શીશ ફુલ શ્રવણનમેં કરનફુલ, તુરસ ઘુમ લટકે તિન પેરે. કલગી મોર ચંદ્રિકા સોહે, ચોટી બિથુર રહી ઉરપેરે; બાગો પટકા સોનેરી કીનવી, સુથન ચરન મનોહર પેરે. કંઠસરી ઔર હાંસ

બિરાજે, કુલરી તિલકી ચોસરી સંગમેરે; મોતીનમાળા હારસંગ રાજે, હમેલ પદક પાન તીનમેરે. બાંહે બાજુબંદ ફેંદના સોહે, શ્યામ દોનોહી ઉરસ્થલપેરે; ચોંહોંચી કંગન કડા મુદ્રિકા, હસ્તપુલ અલકે કરમેરે. નૂપુર કિંકિણી શબ્દ સુનતહીં, વિહંગા ભઇ તમસોં અંગમેરે, અણુવટ બિછવા મનોહર બાજે, પાયલ જોહરકે છંદમેરે, ગુંજતમાલ સુભગ બનમાલા, કમલ માલ કમલ કરમેરે; વેણુ વેગ ધરિ ઠાડે નિકુંજન, કરત સંકેત ભેદ સુરમેંરે; ભ્રુકુટી નેન કટાક્ષ જનાવત, દેત દરસ આનંદમેંરે; હસત દશન મન લેત ચુરાઇ, ચમકે ચિબુક વાહિ ક્ષણમેરે. દક્ષિણે હસ્ત કટિપર સ્થાપે, નિજભક્ત સ્થિર સ્થાપનકુરે; વામ હસ્ત ઉંચે કર પ્યારે, રસ'રસ ભેદ જતાવનકુરે. ક્ષણ ક્ષણ દર્શન દેહો મેરે પ્યારે, યહ બિનતિ કરજોડ કરૂરે; નિશદિન બચન સુધારસ પાકે, નિજજન ચરન કમલમેં રહુ રે.

શૃંગાર સમે ગાવાનું ધોળ.

વાંકે અંબોડે શ્રીનાથજી, બ્હાલો સુંદર શ્યામ સ્વરૂપ; શ્રીવલ્લભ કુલ સેવા કરે એ શ્રીગોકુલનો ભૂપ. ૧ પાગ

બાંધે બહાલો જરકસી, ને સુદિર વાગા સાર; પટકા છે પચરંગના, સજ્યા છે સોળે શૃંગાર. ૨ કેસરી તિલક સોહામણું, નાસિકા વિશ્વાધાર; ચિબુકની અતિ કાન્તિ છે, કંઠે મોતીના હાર. ૩ હડપચીએ હીરલો ઝગમગે, એમના તેજ તણો નહિ પાર; અધર બિંબ એ રસિક છે; ઝળકે તે જેત પ્રકાશ. ૪ બાંહે બાજુબંદ બેરખા હનિના બીટલીઆળા કેશ, નિરખ્યા ને વળી નિરખશું એનો પાર ન પામે શેષ. ૫ ડાબી બાજુએ ગિરિવર ધર્યો, જમણે કટિ મધ્યભાગ; કૃપા કરો શ્રીનાથજી: મારાં હૈડાં ટાઢાં થાય. ૬ પાયે ઘુઘરી રણઝણે, મોજડીએ મોતીની હાર; કૃપા કરો શ્રીનાથજી બલિહારી માધવ-દાસ. ૭ માધવદાસ માગે સદા, મ્હારૂં માગ્યુ આપો મહારાજ, વળી વળી કરૂ વિનતિ, મને આપો શ્રી વ્રજમાં વાસ. ૮

ધોળ ૧૦.

ઉભા રહો તો કહુ એક વાતડી. શ્રીનાથજી;
તમ માટે ગાળી છે મેં તો જતડી. શ્રીનાથજી. ૧
દહાડે ભજ્યા હતા વૃંદાવનમાં. શ્રીનાથજી;

તે દહાડાની તાલાવેલી તનમાં. શ્રીનાથજી. ૨
શ્રીનાથજી જોયાના મને કોડરે શ્રીનાથજી;
પૂરી આશા મન કેરી હોડરે. શ્રીનાથજી. ૩
હસો છો મધુરૂ વાંકુ જોઇને. શ્રીનાથજી;
નયનના કટાક્ષે મ્હારાં મન મોહીને. શ્રીનાથજી. ૪
ક્ષણક્ષણ ભણકારા વાગે કાનમાં. શ્રીનાથજી;
ઘરમાં જઉં ને ગાઉં તાનમાં. શ્રીનાથજી. ૫
ચિત્ત ચોટતું નથી ઘર કામમાં. શ્રીનાથજી;
ઘેલી ઘેલી ફરે છે ગોકુળ ગામમાં. શ્રીનાથજી. ૬
કહેનારાં કહે છે પણ માથે છો ધણી. શ્રીનાથજી;
વલ્લભના સ્વામી હું દાસી તમતણી. શ્રીનાથજી. ૭
પ્રીતડી કરીએ તો હવે પાળીએ. શ્રીનાથજી;
શરણે આવે તેને તારીએ. શ્રીનાથજી. ૮
પુરો મોરા મન કેરી આશરે. શ્રીનાથજી;
શરણે આવ્યો છું તમ દાસરે. શ્રીનાથજી. ૯
ભવોભવ પાર ઉતારીએ. શ્રીનાથજી;
બલિહારી જાય માધવદાસરે. શ્રીનાથજી. ૧૦

માનો છે ચંદ્રાવળી નારી. ૧૩ ચરણચોક ગોકુલ કહેવાયજી, ત્યહાં તો દેવી હોય તે જાય. ૧૪ પીછવાઇ ચંદ્રાવળી જાણોજી. ચંદરવો શ્રીયમુના મન આણો ૧૫ ગાદી સુંદર મન ભાવકજી, પીઠ તકીયા મહાસુખ દાયક ૧૬ આસપાસ બે તકીયા રાખેજી, મહાસુખ એકાંતે બિરાજે. ૧૭ એ છે શાસ્ત્રતણાં સુખ ધામજી, ઘટે ચંદ્રાવળીજીનું નામ, ૧૮ બે જોરીસ્વામિનીજીના તનજી, શ્રમજળ શ્રીમહારાણીજીનાં મનજી. ૧૯ બે બીડાં શ્રીમહાપ્રભુ દક્ષિણ વામ, મુખવસ્ત્ર મોહન શ્યામ. ૨૦ બુગલ ચરણે શોપજી પધાર્યાજી, ગિરિધર હરિ દાસ કહેવાય. ૨૧ એક કલશ શ્રીગુસાંઇજીનું રૂપજી ઉર સાત ચંચલ અનૂપ. ૨૨ સજ્યા ભોગ મહાસુખ કંદજી, શોભા નયને નિરખી મુખ ચંદ્ર. ૨૩ એવો ભાર્ગ થયો નહિ થાયજી; શ્રીમહાપ્રભુજી કૃપાથકી પુષ્ટિ કહેવાય, ૨૪ છડીનુ ત્યાહાં તત્કાળજી, ગુણ ગાયે શ્રીવલ્લભ લાલ ૨૫

રાગ ગજલ ધોળ

-મેરે શ્રીનાથજી પ્યારે દ્રગનતેં ટોળુ મત ન્યારે ટેક. દયા કરી દરસ મોય દીજે કૃપા કરી આપકો મીજે. ગલે

જમા દુદામીકા કેમર પટ્ટા બેંદ્ધામીકા. ૧ સુર'ગી પાગ સિર સોહે લસત બનમાલ મન મોહે; લગી ટેહ કાનપે દૂતી, તજી મોય સેજપે સૂતી. ૨ મેરા દીલ લે ગયા આલી લગી તનમેં તલાવેલી; મત ભૂલ દેખી તન ગોરા જગતમેં જીવના થોરા. ૩ કઠિન હે મોહકી જંજાળા વહે જાતા હે સંસારા, સદા વ્રજધીસજી ગાવે, છબીપર વારને જાવે. ૪

ઘેળો ૧૪.

શ્રીવલ્લભ ઘેર પગરીયા શ્રીગોકુલનારે નાથ. એવા પ્રભુજીને નવ ઓળખ્યા પડે વસસો બેરે હાથ. પ્રાણી પ્રાક્રમ તે શું કર્યુ? ૧ પામ્યો ઉત્તમ દેહ જુગમાં જીવણ શ્રીનાથજી, નૈણે નીરખ્યા નહી તે કલિમાં કારણ શ્રીનાથજી. પ્રા ૨ પ્રાતઃ સમે ઉઠ્યો નહિ નવ ગાયા ગુણ ગોવિંદ, મંગળા આરતી ઉતારતાં ન જોયાં શ્રીમુખચંદ્ર પ્રા. ૩ શ્રીમુખની શોભા શી કહું? મારે મુખ રસના છે એક. મનમથ દેખીને લાજીઓ પાતાળે પેઠા જઈ શેષ. ૪ કાને તેજકુંડલ શોભિતાં શિરપર શોભે પાગ; ઉપર ચંદ્રિકા મોરની વેણુમ્વાસુથી નાગ. પ્રાણી ૫

નૃણું તમારાં શ્રીનાથજી જોઈ જોઇ શું કરૂં વખાણ? જોતાં સુખ ભુખ ભુલી ગયો, હૈયામાં ઉપજ્યું છે હેત. આ. ૬ નાકે તે નકવેસર શોભિતાં, લલાટે તિલક રસાલ; તે પર સોહે અલકાવલી, લટકણ લટકે છે ભાલ. આ. ૭ અધરની ઉપમા હું શી કહું? , બિબુક ઝલકે છે કાન; કંઠે સોહે હાંસડી ઉરગજ મોતીના હાર. આણી ૮ મોહન મોરલી વગાડતાં, કંઠે વૈજયંતી માલ. આણી. ૯ બાંહે બાજુ બંધ બેરખા ફરકે ઝુમતાં ચાર. હાથમાં હેમની કડલી પહોંચી છે હીરાજડાવ. આ. ૧૦ ટ્રેમણી કરેપર ઝગઝગે રત્ન જટિતના ચોક, તેપરે અનુપમ મુદ્રિકા, દેખી મોહ્યા ત્રૈલોક. આણી. ૧૧ બીજું શોભા હું શી કહું? નખસિખ હીરાના હાર, રવિશશી કોટિક વારણે છબી ઉપર જાઉં બલિહાર. ૧૨ વામ ભુજાએ બિરૂદેશ લટકે મરીયો ગિરિરાજ, ઇંદ્રતણો મદ મોડીઓ સાયાં વ્રજજનનાં કાજ. આણી. ૧૩ કેડે સોહે કટિમે ખલા ઘુઘરી ઘનકે બેઉ પાસ કંચનવરણી છે કાયકની ચંદ્ર પ્રકટયો આકાશ. આણી. ૧૪ ઝુગલ ચરણે પેર્યાં જોડલાં મોજડીયે મોતીની હાર. ઝમકઝમક, વાગેરે

ધુનરી અણવટ વીંછુવારસાલ. ॥ મા. ૧૫ એવા પ્રભુ-
જીને નવ ઓળખ્યા નવ કીધી હૈયામાં હામ; ભૂતલ
મધ્યે અવતર્યો કરવા માતને ભાર. પ્રાણી. ૧૬ વ્રજની
રજમાં લોટયોનહીં ન કીધાં શ્રીજમુના પાન, મોહન
મોરલી વગાડતાં નવ કીધાં સન્મુખ કાન ૧૪ કાલિંદીને
કાંઠડે સુંદર જમુનાને તીર, શ્રીગિરિધર ગાયો ચરાવતા
ન જોયાં હળધરવીર. પ્રાણી. ૧૮ સંકેત વનની શોભા
ઘણી, ત્યાં પ્રભુ ખેલે છે રાસ; એ સુખ અબળાને
આપીએ બલિહારી માધવદાસ. પ્રાણી. ૧૯

ઢાળ ૧૫.

ધન્ય ધન્ય રાણા રાયસંગ હો લાલ; હાંરે ધન્ય
ધન્યરે મેવાડો દેશ. કૃપા કરીને શ્રીનાથજી પધારીયા
હો લાલ. ૧ વ્રજમાંથી વહાલોજી પધારીયા હો લાલ;
હાંરે આવી વસીયારે મેવાડે દેશ. કૃપા કરીને. ૨ તળાવે
તે તંબુ તાણીયાં હો લાલ, હાંરે આવી ઉતર્યોરે મારા
વ્રજનો સાથ. કૃપા કરીને. ૩ ડુંગર કોરીને વહાલે
મંદિર કર્યાં હો લાલ તહાં બિરાજેરે શ્રીગોવર્દ્ધનનાથ.
કૃપા કરીને. ૪ શ્રીનાથજીને શ્રીદ્વારકાનાથજીનાં નેરલાં

હો લાલ, હાંરે શ્રીનવનીત પ્રિયાજીને શ્રીવિઠ્ઠલનાથજીની
જોડ. ૫ શ્રીગોકુલનાથને શ્રીમથુરાનાથનાં જોડવાં હો
લાલ, હાંરે શ્રીગોકુળચંદ્રમાજીને શ્રીમદનમોહનની
જોડ. ૬ તહાં મધરાતે ગોવર્દ્ધન ભયો હો લાલ, તહાં
તળેટીયે ગોપાળપુર ગામ કૃપા કરીને ૭ જણાં તે
ગોવિંદ કુંડ ભયો હો લાલ, હાંરે ત્યહાં બનાસરે મહા
રાણીજીના નીર કૃપા કરીને. ૮ આસોટીયુ ,વૃંદાવન
ભયુ હો લાલ હાંરે તહાં કાંકરોલારે બંસીવટનો ચોક.
કૃપા કરીને ૯ કમળ ચોકમાં ઝુલે મમર હાથીયા હો
લાલ હાંરે તહાં ટોડલેરે ૩ડા ટોકે છે મોર કૃપા કરીને
૧૦ થાળ ભર્યો સગ મોતીએ હો લાલ; હારે વધાવેરે
શ્રીવલ્લભ પેરિચાર. કૃપા કરીને. ૧૨ સાકર કેરા કરા
પડયા હો લાલ હાંરે ત્યોરે દુધરેરે કુંડા વરસ્યા છે મેઘ.
કૃપા કરીને. ૧૨ અજમ કુંવરીની વિનતિ હો લાલ
તમે સુણજોરે શ્રીગિરિધરજી મહારાજ. કૃપા કરીને ૧૩
સઘળા વૈષ્ણવની વિનતિ હો લાલ, અંગોને આપોરે
ભાંગવાસ. કૃપા કરીને. ૧૪

ઘેાળ ૧૬.

ગંગાભાઇએ તે ઝઘડેા માંડયેા શ્રીગિરિધરજીનાં લખ્યાંરે પ્રમાણ, વાશી બનઉં શ્રીનાથને ૧ બાદશાહે તે પરવાનેા મેાકલ્યેા, તમે છેાડેા શ્રીગેાકુલ ગામ, ૨ બ્રજવાસીએ મનમાં વિચારીયું આપણે સામા બાંધેા હથિયાર. ૩ નવખંડ ભૂમિ આપણી ચેાદીશા ચેાભાજીનુ રાજ ૪ બાંભાજીએ શ્રીગુસાંઇજીને એમ કહ્યું અજબ બાદને આપ્યાં છે વરદાન ૫ બાદશાહનું તે અહી શું ઉપજે? મારી ઇચ્છાએ છેાડું શ્રીગેાકુળ ગામ. ૬ શિવ વિરંચી રટણ કરે, સુરનર સરખા પાર પામે નહીં; અજંબભાઇને થયેા છુ આધીન ૭ બ્રજથકી તે વહાલેાજી પધારીયા, આવી ઉતર્યા મેવાડ દેશ. ૮ ગામના રાજાને આવીરે વધામણી, આપણા શ્રીનાથજી પધાર્યા નજીક. ૯ રાણા રાયસંગે મનમાં વિચારીયું, આપણે શી શી કરીશું ભેટ? ૧૦ વહાલે તળાવે તપ્યુ તાણીયા; મહી ઉતર્યા શ્રીગુસાંઇજીનેા સાથ. ૧૧ વહાલે ડુંગર કેારીને મંદિર કર્યા, મહિ પધરાવ્યા શ્રીગેાવર્ધન નાથ. ૧૨ વહુ બેટી તે હીંડે મલપતાં

હીડે ઝાંઝરને ઝમકાર. ૧૩ ખનાસ તે જમના જલ ભર્યા, વહેલો બસી બટ; ૧૪ અજમાઇએ તે વિનતિ કરી જે કોઈ ગાયે શીખે ને સાંભળે તેનો લીલામાં થાજે વાસ. ૧૫

વેાગ ૧૭.

ઓરા આવેને શ્રીનાથજી, સેાહ્યામણારે, તારી ચટકતી ચાલનાં, લઉ ભામણાંરે. ૧ વારણ વનમાં ગયા તે એને જોઇનેરે, જેમ લાજથી ધની તે ધન, ખોઇનેરે. ૨ નખચદ્ર ચઠે ચદ્રિકા વિકાસથીરે; ક્ષીણ ભાવ પામ્યેા શશી ઉપહાસથીરે. ૩ હસ્ત ચરણકેામલ માને દેખી દ્રુમ તણાંરે, પત્રવ નમ્ર વન થયા લાજને ચણાંરે, ૪ જેહર પાયલ ને વિછિયા પાનનીરે. રોભા ગહેતાં ન બને તે નિરુપમાનનીરે. ૫ શેાભા બની તનિયાની વણી સ્વેતનીરે, દેખી ધજા લજ્જામજિત મીન કેતનીરે ૬ સુથન કાછનીની છબી છાઇ ચિત્તમાંરે માન મેલી વણી દીન થઈ નિત્તમારે ૭ ક્ષુદ્ર ઘટિકા નૂપુરની સાંભળી ધુનીરે, મેલી સમાધિ વિકલ થયા, મહામુનિરે. ૮ કટિ જોઇને લજ્જા મેાટા કેમરીરે,

નાભિજોઈ વાપી જરૂતાને અંગીકરી૧૯ ઉદર-ત્રિવલીની સુષમાની ઉપમાની ઉપમા નવ મલેરે, વિપુલ વક્ષ સ્થલ મેલીને રમા-નવ ટળેરે.૧૦-બાજુ પોંચી કરાં સાંકળાં હાથ સાંકળાંને, હીરા મુદ્રિકા તે કળાનિધિની કળારે; ૧૧ કંબુ, કંઠ કંઠાભરણ હાંસ: ઝલનીરે, શોભા કહેતાં બુદ્ધિ ઝડી કવિ પ્રબલનીરે. ૧૨ કૌસ્તુભ પદકની પંક્તિ ને રત્નની બદીરે. મન મગ્ન થયું એ તો શોભાની નદીરે. ૧૩ રત્નનિકર રચિત ભૂષણ તેજ શું કહું રે, મિહર શીતરશ્મિ કાંતિ તુલ્ય નવ લહું રે. શામલ અંગ મોતી ગુંજ કુસુમ માલિકારે, દેખી મેઘ ઇંદ્રધનુ બક થયા ફીકારે. ૧૫ દેખી પીતાંબર ચંચલા ચંચલ થઇરે, ગયાં માનિનીનાં માન ધીરજ નવ રહીરે. ૧૬ શોભા સદન વિશદ વદન કુમુદ દેખંતાંરે કુમુદ પોતાની સુંદરતા નહિ લેખતાંરે. ૧૭ નાસા અધર શોભા શક્તિ નથી ભાખવારે, જેમ ક્ષીર વદન બિંબ ફળ ચાખવારે, ૧૮ ચંચલ અરૂણ સજલ નયન યુગલ નિરખતારે, ખંજન કમલ મીન રહ્યાં શ્વાસ વરખતારે, ૧૯ ભ્રુતી કામની કમાન કાન તેં ખરીરે

કુટિલ ભ્રકુટીના ભંગ નેહથી કરીરે ૨૦ મકર કુંડલની ઝલક કપોળિ ફલકમાં રે, મન અટકી રહ્યું ઘીરલીયાળા અલકમાંરે. ૨૧ વેસર મુક્તામણિ લપન ઉપર એમ લમેરે, ચંદ્ર ચુંબવાને તારો આંબો અહીં વસેરે. ૨૨ મંદ હસન દશન શોભા તો વણી બનીરે, ચિબુક બિમળ વજ્ર કાંતિ નેહમાં સંનીરે. ૨૩ લટ શીશફુલ અલકાવલી વાંકનીરે. તિલક તણી શોભા વણી નગ ડાંકનીરે. ૨૪ મોર મુગટની લટક મનમાં વસીરે, શત ચંદ્રની શોભાને જોઈ તે હસીરે. ૨૫ અર્ધ ગર્વ થયો વેણી જોઈ નાગનોરે, તેથી વાસ કીધો અધે ભૂમિ ભાગનોરે. ૨૬ વેણુ રંગથી સરાગ ચિત્તને કીધુંરે, વેત્ર ધરીને નેત્ર યુગ્મને તે સુખ દીધુંરે, ૨૭ તારાં વચન સુધા કર્ણ ચષકમાં ભરીએ; ચિત્ત તૃપ્તિ નથી થાતું પાનનેં કરીરે ૨૮ એવાં રાધા વચન સુણી હરિ આનીયારે, કુંજ કેલિ કરી વણા મન ભાનીયારે. ૨૯ હળીમળી કુંજપુંજથી સદન ગયારે, કરી હાસને વિલાસ બે મગન થયાંરે. ૩૦ રસ-રૂપ એવા શ્યામને શ્યામા એકરે, એકતું ધ્યાન ધરે

ધોળ ૧૮.

પ્રેમથી નિજજન સઉરે. ૩૧ હાસ માગે લીલાનંદ મને આપજોરે, એજ ધ્યાન હૃદે સ્થિર કરી થાપજોરે. ૩૨

આવો આવોરે સુહાગી વલ્લભીનો સાથ, સખી મેવાડે પધાર્યા શ્રીગોવર્દ્ધનનાથ. ૧ સખી મનક્રમ વચન તજે ગ્રહનાં કાજ, મેલ્યો વેદ મર્યાદાને કુલની લાજ. ૨ છોડ્યો માત પિતા પતિ સુત પરિવાર, આપણે નયને નિરખ્યો શ્રીનંદકુમાર. ૩ વહાલો રૂપે છે રૂડલાને ભીનલે-વાન, ગંડસ્થલ મંડિત કુંડલ કાન. ૪ બીરાજે અલક તિલક જાણીએ કંચન રેખ, નાસા ગજમોતીને નટવર મેખ. ૫ શિર પાગ સોરંગી ઉપર ચંદ્રિકા મોર; વહાલો મનોહર મૂર્તિને ચિત્તડાંનો ચોર. ૬ વહાલો બંકઅવ-લોકની ભ્રકુટી કમાન, એહના નયન અણીવાળાં શા બાણ ૭ વહાલો ચંચળ ચપળતા વાડ અંજન મીન, શોભા જોઇને મૃગ થયા આધીન. ૮ બિંબાધર છે અતિ અરૂણ પ્રવાલ. મુખ માધુરી મધુરી વાંસલડી રસાળ. ૯ જીરે કુસમ ઝરે મંદ મુસકની હાંસ; ઝળકે દંડ દાડમ જેમ બીજ પ્રકાશ. ૧૦ કંઠે કંઠે સજી ગળે ગુંજનો હાર,

બાજુબંધ પોંહોચીનો ઝુમકસાર. ૧૧ પાય પોહોલ નૂપુરનો ઠમકાર. ચાલે ગજગતિ ચાલ ઘુઘરી ધમકાર. ૧૨ કટિ કાછની કિંકણીનો ઝમકાર, પાય અણુચટ વિછુવાને ઠમકાર. ૧૩ છટે સોળ કળાએ ઉદયો ચંદ, વ્રજ જુવતી સુંદરીને મન ઉમંગ. ૧૪ ઓઉની આરતી ઉતારે શ્રીવલ્લભરાય. શોભા જોઈ જન વલ્લભ બલિ જાય. ૧૫

ઘેાળ ૧૯.

સાચા સગા છો શ્રીનાથજી સોહાગી મારે, સાચા સગા છો શ્રીનાથજી. ૧ બીજું સગું તે સૌ મુખથી કહેવાનુ, દુઃખમાં નહિ આવે કોઈ સાથજી. ૨ અખિલ બ્રહ્માંડના ઇશ છે એ મહાપ્રભુ જગતની દોરી છે જેને હાથજી. ૩ એ પ્રભુને છોડી બીજે જ્યાં જાઓ ત્યા છે ધુમાડાની બાથજી. ૪ ગોપાલલાલ, એમના ચરણમાં જવાને શરણ પડયો છું અનાથજી. ૫.

ઘેાળ ૨૦.

મૅયર ચિત્ત ચોટયું શ્રીનાથજીના ચરણે હાંરે આશો જઇએ શ્રીમહાપ્રભુજીનાં શરણે. ૧ હાંરે નખ

ચંદ્રિકા દેખીને લાગ્યો ચટકો, હાંરે હું તો મોહી જોઈ મુદ્રિકાનો લટકો. ૨ હાંરે પોડશ ચિન્હ ચરણ કમળ માંહે નિરખી હાંરે બની બાવરી હૈયામાં ઘણું હરખી. ૩ હાંરે ભૂલી ભાન બાન હું તો ઘુઘરીના ધમકે, હાંરે લાગ્યો નેહ એની નૂપુરના ઠમકે. ૪ હાંરે જેમાં ભક્તના સમાજ આવી વસીયા, હાંરે જેની સુગંધે થયા છે ભમર રસીયા ૫ હાંરે લાલાલહેરીની વિનતિ ઉર ધારી, હાંરે પ્રભુ ચરણમાં રાખો હું જઉં વારી. ૬.

ઘોળ ૨૧.

સૈયર ચિત્ત ચોર્યું શ્રીનાથજી ધુતારે, કાળજડું કોર્યું એ નંદના દુલારે. ૧ હાંરે મને મુરલી સુણાવી વશ કીધી. હાંરે મને ફંદમાં ફસાવી બાંધી લીધી. ૨ હાંરે એણે અણીઆળી આંખ મને મારી, હાંરે તેથી હૈયામાં ઘા પડયો છે કારી. ૩ હાંરે વશકરણી ને મીઠી એની વાણી, હાંરે હુતો સાંભળીને વણમૂલે વેચાણી. ૪ હાંરે એનું મનહર મુખ મોહકારી, હાંરે એણે મંદ મંદ હસી મુને મારી. ૫ હાંરે સખી એ વિના મેં નથી રહેવાતું, હાંરે દર્દ કાળજાનું કાંઈ નથી કહેવાતું. ૬

હાંરે લાલા લટેરીને તલાવેલી લાગી, હાંરે દરશન આપીને દાસને સોહાગી. ૭

ધોળ ૨૨.

સૈયર મન મોહ્યું શ્રીનાથજી લટકે, હાંરે એના લટકે મટકેને પીરે પટકે. ૧ હાંરે મીઠું કામણ મોગલીના કટકે. હાંરે એનાં કુટિલ નેણ બાણ હૈયે અટકે. ૨ હાં ધમકતી શી ચાલે ચિત્ત ચટકે, હાંરે એનું રૂપ જોઈ કાળજું છટકે ૩ હાંરે એની છેલ છબીલી છબી ખટકે, હાંરે એને જોયા વિના હ્રદય ઝટકે. ૪ હાંરે છુટી લટ૨ આવી ભાલ પર લટકે, હાંરે જાણે અધરપાન કરે આવી ગટકે. ૫ હાંરે મોટા મુનિજન મોહ્યા છે જેને મટકે, હાંરે તેનો વિરહ થતાં ફાટી મરું ફટકે. ૬ હાંરે બેના ચરણકમલમાં મતુ ભટકે, હાંરે લાલા લહેરીને બોલાવી લેશો લટકે. ૭.

ધોળ ૨૩.

શ્રીનાથજીને નીરખી આ ચિતડું ચળ્યું છે, હાંરે મારૂ મનડું મોહનને મળ્યું છે. ૧ હાંરે વહાલે વાંકી નજર વડે જોયું, હાંરે સખી ત્યારથી આ મન મારું મોહ્યું ૨ હાંરે એની અલબેલી આંખ અણીઆળી,

હાંરે રસરંગભરેલી રેતનાળી, હાંરે એની ભ્રકુટીમાં ભુરખી ભરેલી, હાંરે તેથી વ્રજસુંદરીઓ વશ કરેલી, ૪ હાંરે એની મુરલીમાં મોહની ભરી છે, હાંરે માહરી સુધ બુધ સોન સૈા હરી છે. ૫ હાંરે સખી નરસિંહ એ કામણભર્યો છે, હાંરે મારા મનથી મેં વર એ વર્યો છે. ૬ હાંરે સખી છેલ છબીલો એ ધુતારો, હાંરે લાલા લેહેરીને પ્રાણથી એ પ્યારો. ૭

ઘોળ ૨૪.

તમે જુઓ મારા બેનો શ્રીનાથજીને આંબા. કુસુંબલ પાગ કેસરીયો વાગો, પટકા પર લાગી લુંબા લુંબા. ૧ લાલ લટકાળી કરમાં વાંસળી બિરાજે, ગોપીયોનું મન ભ્રંબા ભ્રંબા. ૨ બાંહે બાજુબંધ બેરખા બિરાજે, મુદ્રિકા ઝટક દંબા દંબા...૩ ગોળ કપોળ મનોહર સુંદર, શ્રીશેષિકાનું મન રંબા રંબા. ૪ નયને વિશાળ ભ્રકુટિ લર લળકે, અલક ઝલક શંબા શંબા. ૫ પીચ કારી છેહ કેારી ખેલે, ફુલ છડીથી ધંબા ધંબા. ૬ વ્રજની તે ગોપીયો ગુલાલ લેઈને ચાલ ચાલે છે હુંબા ઠંબા. ૭ પંચ શબ્દ વાજાં વાગતાં ત્યાં, ઝાલર ઘંટાની

ટંમા ટંમા, ટે સુંરપુર વનિતા નીરખીનવચે,છે, પ્રુશ
નાખે છે નારદ પ્રેમા પ્રલા: ગ્રહે મેનાને મોહી ભોગ
ધરી છે, પ્રેમથી પ્રેસાદ પંમા પંમાં ગ્રહે શ્રીવિદ્યલ પ્રભુ
લીલા દેખે અગમનિગમ ગંમાં ગંમાં.૧૧.

ધોળ ૨૫.

શ્રીનાથજી તે છેલ બિરાજતાજી ગ્રહે [illegible] કરિ૨૬.
સખી ચાલો તો જઈએ શ્રીજી શણગારને.
શ્રીગોવર્દ્ધનનાથજી બિરાજે લીલોલહેરમાંને. શ્રીનાથજી.૧
પહેલાં દર્શન તે મંગળાનાં હરખીયાંને, [illegible]
મહારા નાથનાં સ્વરૂપ નેણે નિરખીયાંને.|-શ્રીનાથજી: ૨
બીજા દર્શનમાં શૃંગાર બહુલે બહુ ધર્યાને; [illegible]
મહારા નાથને શ્રીલક્ષ્મીજી વર્યા જો. [illegible] શ્રીનાથજી. ૩
ત્રીજા દર્શન તે ગ્વાલ બાલભોગનાં જો, [illegible]
મુખે મુરલીને છડી લીધી હેલમાં જો. [illegible] શ્રીનાથજી.૪
ચોથાં દર્શન તે રાજભોગનાં જો, [illegible]
વિવિધ ભાતની સામગ્રી સંજોગમાં જો; [illegible] શ્રીનાથજી. ૫
પાંચમા દર્શન તે ઉત્થાપનનાં આંબડ્યાં જો, [illegible]
શંખ વાગ્યો ને વધામણ થયા ઉતાવળા.જો. શ્રીનાથજી.૬

છઠું દર્શન તે ભોગ-સંજોગમાં જો, શ્રીનાથજી.૫
વિવિધ અમૃત મેવા અર્પ્યા ઉમંગમાં જો. શ્રીનાથજી.૬
સાતમાં દર્શનને આરતીમાં જો, કર્યા જોડા ઝાઝા
ભાર ભારીને વંદણ અહુ મંજ્યા જો. શ્રીનાથજી.૭
આઠમાં દર્શને તે શયનમાં કર્યા શ્રીહરિને,
દર્શન કરીને વંદણ આનંદ ભર્યા જો. શ્રીનાથજી.૮
ચટ્ટલાલ મટ્ટલાલજી જોડે છે જો,
ગિરિધરલાલજી બિરાજે લીલાલહરમાં જો. શ્રીનાથજી.૯
વલ્લભ ભાખીજીને એકીજ મહારાજ છે જો,
એમને આઠે દર્શનનો ચણો ભાવ છે જો શ્રીનાથજી.૧૧
જે કોઈ ગાય શિખેને સાંભળે જો,
તેનો ચરણ કમળમાં વાસ છે જો, શ્રીનાથજી.૧૨
એમના દર્શ થકી સુખ થાય છે જો,
હરિદાસ શ્રીવલ્લભ ગુણ ગાય હેં જો. શ્રીનાથજી.૧૩

ઢાળ ૨૬.

શ્રીગોવર્ધનધર તેરો ધ્યાન ધરત, લટ છુટ રહી
કાલી નાગનીયાં. (૨૬) મોર મુગટ મકરાકૃત કુંડલ

ઘુંઘરી અણમટ વીછુવા સાર, નહાના. ૪ પ્રભુજીના મુખપર મુરલી વાઇ વેણુ રસાળ, શબ્દે મોહીરે ગોપિકા રોતાં મેલ્યાં છે બાળ; નહાના. ૫ કાલિંદીને કાંઠડે ઉભા વગાડે છો વેણુ; જ્યાદેાને કે જાદવા કે વ્રજમાં થાશે પોકાર, નહાના. ૬ આંગળી સાહીને હરિ તાણશો પ્રભુ મારૂ ધુજે છે અંગ, સઘળી ગોપિકા આવશે તમને ઘેરશે મહારાજ, નહાના. ૭ કે બંસીવટના, ચોકમાં ઉભા વજાડો છો વેણુ; માધવદાસની વિનતિ આપો શ્રી વ્રજમાં વાસ નહાના. ૮

ધોળ ૩૨.

મ્હારે મંદિરે પધારો શ્રીનાથજી, હું તો જોઉંરે તમારી વાટ. ૧ હું તો શેરી વળાવી સજ્જ કરૂં, હું તો પુલડાં ચેરાલું સારી વાર, ૨ હું તો ચીરના ચંદરવા બંધાવતી, હું તો પથરાલું લીલા પીળાં પાલ. ૩ હું તો કંકુ કેસરના ગારા ઘાલું, હું તો મોટી કસ્તુરી પ્રરાલું બાત હું તો ગોપે ગોપેરે દીવા કરૂં, હરખે અંધાલું હીંચોળા ખાટ. હું તો શણગાર સજીરે શોભિતા, ચરણ ચોળી ગરચોળાંને ઘાટ હું તો આઠ કરૂં રે

કેસર તણી, હું તો ચોખલીઆ ચોડું લલાટ; શૃંગાર ધરાવું હરિને ભાવતા, હું તો દર્પણ દેખાડું મારા નાથ. ૪ હું તો સુંદર ગંગાવું રે સુખડી; જીવણ જમવો તમારે કાજ, પ હું તો મીઠડા મેવા મંગાવતી આરોગો શ્રીવૈકુંઠનાથ. ૬ હું તો શીરો કરાવું સ્નેહ તણો, જીવણ આરોગો પ્રભુ હાથ. ૬ હું તો જમુના જેળ ઝારી ભરાવતી, આચમન કરો વૈકુંઠનાથ. ૭ બાસઠ પાનનાં બીડલાં બંધાવતી, મુખવાસ કરો શ્રીવૈકુંઠનાથ. ૮ હું તો સોનાનાં સોગટડાં મંગાવતી, રમત રમને સારી રાત. ૯ હું તો સંધ્યા પથરાવું સ્નેહતણી પોઢણ કરો શ્રીગોકુલ-નાથ. ૧૦ હું તો ફુલના પંખા ભરાવતી વીંજણ કરું રે સારી રીત. ૧૧ હું તો ફુલની જળી ભરાવતી માંહે બિરાજો શ્રીગોકુલનાથ. ૧૨ હું તો થાળ ભરું સગમેવા-તીએ, વધારું શ્રીવલ્લભકુલ પરિવાર. ૧૩ હું તો કર જોડી કરું વિનતિ, બલિહારી જાય માધવદાસ. ૧૪.

ધોળ ૩૩.

દયા કરી દર્શન આપશો શ્રીનાથજી દયા કરી દર્શન આપશો. ૧ શ્રીમહાપ્રભુજીની કાની થકી આ;

દેવી જીવનાં વિવિધ દુઃખ કાપશે. ૨ વિષયની વાસ-નાને મનની ઓછિચ્છા, દેવીનાં દિલમાંથી ઉથાપશે ૩ નિકુંજનાયક મને નિજજન જાણી; દાસી થવાની છાપ છાપશે. ૪ દયાનિધિ છોડ દોષ નહિ જુએ દાસના. મનમાં અનન્ય ભક્તિ આપશે. ૫ લાડીલો લાલ વહાલો લાલા લહેરીને ચરણ સેવામાં થાપશે. ૬.

ધોળ ૩૪

શ્રીનાથજીના ચરણકમલે ચિત્ત રાખો, હાંહાંરે ભક્ત સુખકામ ચાખો. ૧ હાંહાંરે અહર્નિશ મુખે કૃષ્ણકૃષ્ણ ભાખો, હાંહાંરે એથી જન્મ મરણ થશે ખાખો. ૨ હાંહાંરે ચર પ્યાર ધન માલ જાતના, હાંહાંરે તેમાં તારું નથી એ દિવાના. ૩ હાંહાંરે માત તાત સુત ભ્રાત ભગિની દાગ, હાંહાંરે તેમાં મોહ નહિ છોડાવે જગના મારા. ૪ હાંહાંરે સગાં સબંધી તે માન મોભનાં બેડી, હાંહાંરે આખર સમે ઉપર મુકશે ધરેલી. હાંહાંરે દયા કરી તને મનુષ્યદેહ દીધો, હાંહાંરે તોયે તે હરિનો આશરો નજ કીધો. ૬ હાંહાંરે ચેતી લે ચેતાય તો એ આજ, હાંહાંરે જીવતું ઘડી ગયું નથી આયુષ્ય

તારૂ. ૭ હાંહાંરે વાર વાર લાખ ચોરાશી રઝળશે; હાંહાંરે ફરી આવો જન્મ ક્યાં થકી મળશે? ૮ હાંહાંરે તારા હાથમાં આવ્યો છે પારસમણિ, હાંહાંરે તારે માથે બિરાજે શ્રીનાથજી ધણી. ૯ હાંહાંરે એની સેવા કરે સુખ થાશે, હાંહાંરે તારા પાપનો સંતાપ દૂર જાશે. ૧૦ હાંહાંરે હરિના દાસનો દાસ થઈ રહેજે; હાંહાંરે મુખે નામ નિરંતર લેજે ૧૧ હાંહાંરે લાલા લહેરીનાં વચન સુખકારી, હાંહાંરે સાચા માનીને સેવો ગિરિધારી ૧૨

ઘોળ ૩૫.

શ્રીનાથજીના વિરહે મહાદુઃખ થાય છે
હાંહાંરે મારો જીવ જવાને અકળાય છે. શ્રીનાથજી. ૧

હાંહાંરે મને વરમાં વડી નથી ગમતુ,
હાંહાંરે માંરૂ મન વણુ રહે છે ભમતુ. શ્રીનાથજી. ૨

હાંહારે, ઘડી, સાઠ, પહોર આઠ, રહુ, ઉદાસી,
હાંહારે સુંદર મુખડુ જોવાને અભિલાષી, શ્રીનાથજી. ૩

હાંહાંરે કર જોડીને, માગે છે લાલો લહેરી,
હાંહાંરે જરા દૃષ્ટિ કરો ને કૃપા કરી. શ્રીનાથજી. ૪

ઢાળ ૩૬.

શ્રીનવમંડલના ચંદ શ્રીગોવર્ધનનાથજી, કુમાગનેન અણીયાળાં મોહે લાલજી, સમેસમેનાં દરશન આપે શ્રીનાથજી, પ્રેમભક્તિવશ શ્રીધા ભજની ભાલજી. શ્રી. ભજ. ૧ નિશા પાછલી ગાગર બોલે રાતની, આવે નાથુવાસથકી ગોવાળજી; મારા પ્રાણપ્રભુજીના સેવકને દેહો પડયો; અતિ આતુર થઈ આવે સંતાપ તત્કાળજી. ૨ મુખ્યાજી ભીતરીઆ સેવક સહુ મળી, કરતા સેવા જે જેના અધીકારજી, પ્રથમ શ્રીપ્રભુજીને જગાવ્યા પ્રેમશું, પછી જગાવ્યા બારા શ્રીનંદ કુમારજી. ૩ ગોસ્વામી ટિકૈત વહુ બેટી સહુ, આનંદે આવે મંદિર માંહેજી; શંખ ધુનિ ત્યાં ત્રણવાર કીધી સહી, ધુનિ સુણી શ્રી ગોવર્ધનધર જાગ્યા જી. ૪ શ્રીમુખ નિરખી હૃદયકમળ શીતળ થયાં, મંગળ ભોગ ધરાવ્યો, કંચન થાળજી; જળ ઝુમખાની ઝારી ભેટ પાસે ધરી, પ્રેમ સહિત આરોગ્યા પ્રાણજીવન જી. ૫ સજનીઓની સેવા સીંગોરી કરે, સેજ સમારતાં સમય ઓટલો થાયજી; આચમન કરાવી મુખવસ્ત્ર કરી બીડાં ધર્યાં, દર્શને બોલ્યાં ને કીર્તન થાયજી. ૬.

ધોળ ૩૭

શ્રીનાથજીકો ધ્યાન મેરે નિસદિનારી માઇ;
સાંવરી સુરત માધુરી મૂરત, ચિત્ત લીયો હે ચુરાઇ. ૧
લાલ પાગ લટકે ભાલ, ચિબુક વેસર કંઠમાલ;
કુંદનપુલ્લ મંદહાસ, લોચન સુખદાઇ. ૨
મોરપક્ષ સીસ ધરે, મોતિનકી માલ ગરે;
બાજુબંદ પહુંચી કર મુદ્રિકા સુહાઇ, ૩
કટિ ક્ષુદ્ર ઘંટિકા, જેહર વિછીયા સુદેશ;
અંગ અંગ શોભા, ઉર આનંદ ના સમાઈ. ૪
મુરલી અધર ધરે શ્યામ, ઠાડે વ્રજ જુવતીન માઝ;
સમ સુરન તાન ગાન શ્રીગોવર્ધનરાઈ. ૫
નિરુપરૂપ અતિ અનૂપ, થાકે સુર નર વિમાન;
શ્રીવલ્લભપદકંજી દાસોદર બલ જાઇ ૬

ધોળ ૩૮

એકવાર દરશન દીજીએ, શ્રીનાથજી પ્રભુ આના-
દિથી અધિકાનો ભરેલો, દોષ દેખી નવ ખીજીએ, ૧
કૃપાનાથ કરુણાના સિંધુ, દીન જનણી દયામાં લીજીએ.
૨ શ્રીગુરુએ તો મને તમને સોંપ્યો છે, શ્રીમહાપ્રભુ-
જીની કાની થઈ લીજીએ. ૩ પુષ્ટિમાર્ગમાં પડયો રે
પતિત હું, બોલ્યા વચન પાળી લીજીએ. ૪ વલ્લભના

દાસનો દાસ હું કહાવું, બ્રજભક્તની દાસી મુને કીજીએ. ૫

ઘેાળ ૩૯

હાંરે વહાલો એહી હમારે શ્રીનાથજી, હારે ભવ-તારણહાર. એહી ૧ દેવ ન યાચું દુસરો મન કીયો હૈ વિચાર એહી. ૨ યોગ યાગ વ્રત દેા કરેજી, હારે જપતપતીર્થ અપાર એહી. ૩ સોચ સબે દુઃયા વહે ગયો રે, મન માની લે મોરાર. એહી ૪ દેા અક્ષર સૂરદાસ કહેરે, ભવસારમેં એ સાર. એહી ૫

ઘેાળ ૪૦

શ્રીનાથજીનું વદનકમળ જોયું, જોયે એકવાર શ્રીનાથજીનું. કોટિ કલ્પનું મેલું થયેલું મન, એક પલકમાં ધોયું. જોયે. ૧ મનુષ્યદેહ ધર્યો તેનો સફળ છે, જન્મમરણ દુઃખ ખોયું. જોયુ ૨ મેવાડ દેશમાં બિગડે મારો વહાલમો, શેષ શંકર ચિત્ત પ્રોયું. ૩ કમળાચોક ત્રિભોક જગમોહન જોયું, ગયો એકબાકી સર્વે ખોયું. ૪ દયાના મીતમજી શું પ્રીત નથી જેને, માત પિતા નામને વગોવ્યું. ૫.

ઘેાળ ૪૧.

શ્રીનાથજીના નામ સમાન કોઈ ન આવે. (૨) કોઇ જાયે ગંગા ને કોઈ જાય કાશી, કોટિ કોટિ તીર્થ

મનાવે ૧ કોઈ કરાવે પૃથ્વી પરિક્રમા, કોટિ કોટિ કન્યાને પરણાવે. ૨ કોઇ દીયે હાથીને કોઇ દીયે ઘોડા, કોટિ કોટિ ગાયોને દેવરાવે. ૩ શ્રીવલ્લભના સ્વામી- પ્રભુ રસિકશિરોમણિ, ચરનકમલ ચિત્ત લાવે; ૪

શ્રીનવનીતપ્રિયજીનાં ધોળ. ૧

રાગ— નંદાલય નિજ ધામનાં કરીએ દર્શન ચાલ; બાલવિનોદ સોહાવનો શ્રી નવનીતપ્રિયલાલ.

વલણ–મુખ છબી લાગે મને પ્યારી શ્રીનવનીત લાલ. (૨) મારા લાડીલા લાલની બલિહારી. ૧ ઘુંઘરવાળા કેશ ઘુસર સીસપર શોહે, અલકાવલી તિલક મન મોહે. ૨ અરૂણ કમળ નેત્રમાં અંજન કેલ્યાં, રૂદન કરી અહાર્યાં છે રેલ્યાં. ૩ પ્રમાણમાં તે જુમખી તારા જેત ઝળકે, નાસા બેસર મોતી લટકે. ૪ નવનીત આરોગો મુખ કપોલ જલેસી, યહ છબી મનડામાં પેસી ૫ કુલરી હાંસ કંઠલા કંઠ લટકે શોભા ભારી, કટિ કિંકણી ઘુઘરીયાળી. ૬ બાજુ કેડાં પહોંચી પુમકાંજ ફરકે, નંદ જસોદાજી જોઈ હરખે. ૭ ચરણકમળમાં નૂપુર ઝણકારા, શ્રીનંદજસોદાજી નિરખે વારંવારા. ૮ શ્રીમદનમોહન શ્રીબાલકૃષ્ણલાલ, શ્રીનવનીતપ્રિયાજી

રમે ખ્યાલ. ૯ ચેતન જડિત ચોકમાં ઘુંટણ લીલા બેસે. બુજાને મુસન રમે મુખે મેલી દૃષ્ટની દંતુલી બીજ મુખમાંજ દીસે; ક્રિયા ક્રિલષ્ટીને ઉંડાણો હુએ. ૧૦ બીજાન પ્રકારે ભોગ આવે મુખ ,મેડે, શ્રીકૃતકમળી વચ્ચે વચ્ચે બેસે. ૧૧ આચમન કરાવતાં ધાર પડે વાને જાય, મુખવસ્ત્ર કરી જે મુખ થાય ૧૨ એક સ્વરૂપ શ્રીજસોદાજીની પાસે, એક સ્વરૂપે રમે રામ ૧૪ જગમોહન સિંઘાસન મત મેહે,, કૃષ્ણ ભંડાર પગસા સોહે. ૧૫ આઠે દર્શનમાં ભોગ આવે છે મુખે, ગમર્ શું વર્ણવી શકે મુખે. ૧૬ કૃષ્ણકમના બાલલીલા સહુ નિરખે; જન્મ સફલ કરી હરખે ૧૭

ઘેાળ ૨

શ્રીનવનીતપ્રિયાની મુખી ન્યારી; એ રાખી જુઓ શ્રી. ૧ શામળી મુખ એની મેહની મૂર્તિ, મનડું મુખ પર વારી. ૨ નિત્ય પ્રતિ દુધ દહીં નવનીત લેવને, ભોગ ચઢાવે જાજ નારી. ૩ તનડું એવા કરે ડોઈ નાઈ કણ જોવી, તેને મેર મગાન લે છે ધારી. ૪ પ્રગટ બિરાજે પ્રભુ વલ્લભકુળમાં, ભાગ્ય મુજનિનાં નારી ૫ ગોપાલલાલ પ્રભુની છબી નિરખી, ચરણકમળ બલિહારી.

(અ. સૌ. ગોસ્વામીનિ શ્રીમહાલક્ષ્મી બહુજી કૃત)

શ્રીયમુનાસ્તુતિઃ ।

કલિન્દનન્દિનીં વન્દે વન્દનીયગુણાન્વિતામ્ ।
શ્રીકૃષ્ણપ્રેયસીં તુર્યાં પતિભક્તિવિવૃદ્ધયે ॥ ૧ ॥

માતા મે સૂર્યતનયા યતધર્મનિવર્તિની ।
કૃષ્ણકૃષ્ણૈકસમ્ભ્રામકૃષ્ણવર્ણા શુચિસ્મિતા ॥ ૨ ॥

માણનાથવશીચસ્યાવિષયૈકમયોજ્જ્વલા ।
સદા હૃદ્યાદ્ધૃદયા કૃષ્ણહૃત્કંજવાસિની ॥ ૩ ॥

પ્રિયમાનસભાવજ્ઞા ભવબન્ધવિનાશિની ।
પરૈશ્વર્યવતી કૃષ્ણસમા કૃષ્ણપદપ્રદા ॥ ૪ ॥

નિર્ગુણા ગુણગમ્ભીરા પયઃપાનેન મુક્તિદા ।
શ્રીકૃષ્ણચરણામ્ભોજરજઃપૂતજલા શુભા ॥ ૫ ॥

કૃષ્ણપક્ષત્યધિષ્ઠાત્રી દેવી દિવ્યવપુઃપ્રદા ।
સદા પ્રહ્વેશદેવેન્દ્રૈર્વન્દ્યમાનપદામ્બુજા ॥ ૬ ॥

કૃષ્ણાનુગામિની કૃષ્ણપાદપદ્મરતિપ્રદા ।
કૃષ્ણાનન્દમયી શ્રીમદ્વૃન્દાવનવિહારિણી ॥ ૭ ॥

કૃપાદૃકપાતમાત્રેણ કલિકાલ્વુષ્યનાશિની ।
સદા તિષ્ઠતુ મે ચિત્તે સર્વપાપપ્રણાશિની ॥ ૮ ॥

યમુનાજીના આરતી.

જય ભગવતિ યમુને મા જય ભગવતિ યમુને ક્રમિક ક્રમ
વિધમે નિખિલ જન્મ શમુને જયઠ ॥ ટેક ॥ કનક ગિરિશિ
શિખરેજન્મુ વિટપકૂલે વિગલિતજલ ભુવિ પૃષ્ઠે મિષ્ટે અપ
દૃષ્ટે । તવ નામા સગશોમા દહતિરૂપ ધામા મધુપુર ત્રે
ક્રામા ધાવત પદ યમુને જ૦ ॥ ૧ ॥ જગણુદ્વીપ વિશ્રાશિ
ક્રાશિનિ મરદન કંસ નિકૃદંન રાજીત કેદમ મુકે ઝઝા તા
મૃદગે ણંશી ધુનિકમુને જ૦ ॥ ૨ ॥ રવિસુત કન્યે ક ધન મન
અધન ચખિલ દમુને લુંઠતિ બ્રજ ભુવિ મગને કુંડતિ અસવને
સરલલ સરલલ ઉલસતિ વૃંદાવને નૃત્યતિ વૃષ તદ દૃષ્ટે
મુદિતમનો રમુને જ૦ ॥ ૩ ॥ લકત ઉદ્ધારન તારનિ કદિ
કાલિ કલને કાલિદિનિ ગતિ માલિનિ લાલિન કમ્પ પદે ધુણ
નુપુર ણાજીત રાટન લાનુ સુતે વિમલ કમલ સુર શ્રોતા મોહે
ગોપિ ગુને જ૦ ॥ ૪ ॥ અમૃત સુધા કલાપિત તવ જલ ર
વસને કલયતિ સદા જનાજે વિહરતિ બ્રજ ભિજને બ્રજ ભુશોક
જગદુધક્ષુ મો જન બાલ જને અખિલ શ્રેયોભિ શ્રીપદ ત્રા
ભુવને જ૦ ॥ ૫ ॥ તવ જલ રમણી કમણી શમણી તાપજ
સધન મધુવન રાજે ગાજે મધુકરને કોકિલ સુખ નાદે વા
બશિધુને કોમલ સુર લલિતાદિ ગોપી જન સુમને જ૦ ॥ ઈ
યમુના આરતિ ત્વારેધિ પાલિત લકત જને મુનૂર્ત મુનાવ
ગાવતિ આરતિ જન મન જે ગાવતિ આરતિ શ્રીશ
જનકે પૂરધ્વ પૂર્વિ મનોરથ કરતી શ્રીયમુને જયઠ ॥ ઈતિ
શ્રી ॥ સમાસા ॥

શ્રીહરિઃ

પરિશિષ્ટ અ.

ઠા. નારાણજી દયાલની દરખાસ્તથી અને ઠા. હરીદાસ ઝાલુજીના ટેકાથી સર્વાનુમતે ઉક્ત રહી સભાએ પસાર કરેલો ઠરાવ.

'શ્રીમદ્વૈષ્ણવ પરિષદનાશ્રયે ગોસ્વામી શ્રીદ ચિ. શ્રી કૃષ્ણજીવનજી બાવાસાહેબની અધ્યક્ષતામાં શ્રી મોટી હવેલીના બગીચામાં ૧૨-૧-૩૩ ને દિને મળેલી વૈષ્ણવોની જાહેર સભા ભગવત્છાસ્ત્ર નિષ્ણાત પરમભગવદીય ભૂધરાત્મજ અવલરામજીના મોરબી પાસે કોયલીગામમાં ૧૯૮૯ ના માર્ગશીર્ષ કૃષ્ણ ૪ ને દિને થએલા દેહત્યાગ માટે અતિ દુઃખ સાથે શોક પ્રદર્શિત કરે છે.

મરહુમે બજાવેલી અનુપમ સેવાઓમાં ૧૯૮૧ ની સાલથી હાલાઇબાટીઆની જુનીમહાજનવાડીમા અને શ્રીગોકુલાધીશજીમા સટીક સર્વોત્તમજીની ટીકા ઉપરાંત આ સ્થળે સતતત્રણ વર્ષસુધી કાંઇપણ ભાંચો નાખ્યા વગરના પ્રવચનમા ષોડશ ગ્રંથોની સરળ ટીકાઓ સાથેનું, ચારે ગીતોનું, સુબોધિનીજીનું, અણુભાષ્યનુ, અને શૃંગારરસ મંડન વગેરેના સવિસ્તર કિર્તનો સાથેના પ્રવચનની સેવા નહિ ભુલી શકાય એવી છે.

મરહુમ માટે યોગ્ય સ્મારક ઉભું કરવા મરહુમના મિત્રો વખાણનારાઓ શ્રોતાઓ, એવં સર્વે વૈષ્ણવોને ભલામણપુર્વક આગ્રહ કરે છે.

વધુ ઠરાવ કરે છે કે મરહુમના કુટુંબને યોગ્ય દિલાસા-પત્ર અધ્યક્ષશ્રીની સહીથી મોકલી આપવો.

ઠરાવ પહેલાં અધ્યક્ષશ્રી, શ્રીકમલદાસ ચકુલાઇ, અને ગિરિધરદાસ ભાંગડે યોગ્ય શબ્દોમાં શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

પરિશિષ્ટ આ.

કીર્તન

મહેર મંહાંત મેનસમયનું

રાંગ આડાનો તાલ ચેતાલ

નિરખિ મુખ ઘુંચટ ઓટ સરાવ્યૉ ।
એલતિ એલતિ આયે વાલન ઓચ૱ વદન નિહારયા ॥૧॥
લજ્જન બૈરન ભાજી મોહૅં। જતેં ટ્રગત નેટ ન ટારયૉ ।
ગેર ઉછાલત ચૈયે ગુર પ્રભુ નૅન કટાચ્છ મરે મારયૉ ॥૨॥

ટીપ—ઉકત કીર્તન ગરુના શાસ્ત્રીએ ૱મગાડીની પાસ
શોધ કરી લાવેલ અને મુબઈના મુખ્ય મંદિરોમાં
કીરતનીઆ પરમ ભગવદીય નારણદાસ લક્ષ્મીદાસના
પ્રયાસથી મીએ બે વર્ષની અગાઉ કર્યો છે કેટલૅક
ઠેકાણે " કુંજ ભવનની પુષ્પ સદન રચનારો। ગવાય છે
જેમા ઉ૱ી કુકમા 'હસતિ હસનિ મમ મુંહયો' આવે છે
તે અશ્લીલ જીભ લાગે છે